PRGI No. GUJGUJ/2016/70752

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 345
Dt.: 20-10-2026,
Tuesday
Page:04
Rs.00.50 paisa

રડાર પણ નહીં પકડી શકે

બ્રહ્મોસ કરતાં પણ ખતરનાક ભારતની હાઈપરસોનિક મિસાઈલ તૈયાર

DRDO દ્વારા વિકસિત લોંગ રેન્જ હાઈપરસોનિક મિસાઈલ ૨૦૨૭ થી ૨૦૨૯ વચ્ચે ભારતીય સેનામાં સામેલ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત પોતાની સૈન્ય તાકાતમાં અભૂતપૂર્વ વધારો કરવા જઈ રહ્યું છે. સંરક્ષણ સંશોધન સંસ્થા DRDO દ્વારા તૈયાર કરવામાં આવેલી લોંગ રેન્જ એન્ટી-શિપ મિસાઈલ (LR-AShM) એટલે કે હાઈપરસોનિક મિસાઈલ વર્ષ ૨૦૨૭ થી ૨૦૨૯ વચ્ચે ભારતીય સેનામાં સામેલ થવા માટે તૈયાર છે.

આ ઘાતક મિસાઈલની મારક ક્ષમતા આશરે ૧૫૦૦ કિલોમીટર છે અને તે અવાજ કરતાં પણ અનેક ગણી ઝડપે દુશ્મનના ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી શકે છે. શરૂઆતના તબક્કામાં દર વર્ષે ૧૦થી ૧૫ મિસાઈલ બનાવવામાં આવશે, જે બાદમાં વધારીને વાર્ષિક ૨૫થી ૪૦ યુનિટ સુધી લઈ જવાની યોજના છે.

આ હાઈપરસોનિક મિસાઈલ બે તબક્કા ધરાવતા સોલિડ રોકેટ મોટરથી લોન્ચ થાય છે અને ત્યારબાદ હાઈપરસોનિક ગ્લાઈડ વ્હીકલ તરીકે ટાર્ગેટ તરફ આગળ વધે છે. તેની ટોચની ઝડપ ૧૨૩૪૮ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે, જેનો અર્થ એ થાય કે ૧૫૦૦ કિલોમીટરનું વિશાળ અંતર કાપવામાં તેને માત્ર ૧૫ મિનિટ જેટલો જ સમય લાગશે. તે દરિયામાં સ્થિર રહેલા કે ગતિ કરી રહેલા દુશ્મન યુદ્ધજહાજો પર સચોટ પ્રહાર કરવાની પૂરી ક્ષમતા ધરાવે છે.

આ મિસાઈલનો ઉડાન માર્ગ એટલો જટિલ અને અનિશ્ચિત હોય છે કે દુશ્મનના રડાર કે એર ડિફેન્સ સિસ્ટમ માટે તેનો રસ્તો ટ્રેક કરવો કે તેને વચ્ચેથી તોડી પાડવું લગભગ અશક્ય બની જાય છે. શરૂઆતમાં તેને ભારતીય નૌકાદળની દરિયાકાંઠાની સુરક્ષા બેટરી માટે તૈયાર કરવામાં આવી રહી છે, પરંતુ આગામી સમયમાં તેને યુદ્ધજહાજ અને એરક્રાફ્ટ પરથી પણ દાગી શકાય તેવા વેરિઅન્ટ તૈયાર કરાશે. સંપૂર્ણ સ્વદેશી સેન્સર અને એવિઓનિક્સ સિસ્ટમને કારણે તેનો પ્રહાર અત્યંત ચોક્કસ રહે છે.

DRDO દ્વારા ઓડિશાના દરિયાકાંઠે આ મિસાઈલના શ્રેણીબદ્ધ સફળ પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં તેની ૧૫૦૦ કિમીની રેન્જ અને ચોક્કસ નિશાન સાધવાની ક્ષમતા સાબિત થઈ ચૂકી છે.

આ મિસાઈલ પ્રજાસત્તાક દિને પણ પ્રદર્શિત થઈ ચૂકી છે અને હવે તે સિરિયલ પ્રોડક્શન એટલે કે મોટા પાયે નિર્માણના તબક્કામાં પહોંચી ગઈ છે. આખરી વપરાશકર્તા મૂલ્યાંકન પૂર્ણ થયા પછી તેને સશસ્ત્ર દળોને સોંપવામાં આવશે.

આ મિસાઈલ સાથે ભારત 'આત્મનિર્ભર ભારત' ક્ષેત્રે એક મોટી છલાંગ લગાવી રહ્યું છે. હાઈપરસોનિક ટેક્નોલોજીમાં નિપુણતા મેળવીને ભારત હવે અમેરિકા, રશિયા અને ચીન જેવા શક્તિશાળી દેશોની હરોળમાં આવીને ઊભું રહી ગયું છે.

હિંદ મહાસાગરમાં વધતા તણાવ વચ્ચે ભારતની સુરક્ષા માટે આ મિસાઈલ એક ગેમ ચેન્જર સાબિત થશે. બ્રહ્મોસ જેવી સુપરસોનિક મિસાઈલ કરતા પણ આગળ નીકળીને તે દુશ્મનના મોટા એરક્રાફ્ટ કેરિયર્સ અને યુદ્ધજહાજોને સેંકડો કિલોમીટર દૂરથી જ ધ્વસ્ત કરી નાખશે. હાઈપરસોનિક મિસાઈલનું નિર્માણ ખૂબ જટિલ અને ખર્ચાળ હોય છે, કારણ કે અત્યંત ઊંચા તાપમાનને સહન કરી શકે તેવી સામગ્રી અને ચોક્કસ ગાઈડન્સ સિસ્ટમ તૈયાર કરવી પડકારજનક છે. તેમ છતાં ભારતીય વૈજ્ઞાનિકો આ દિશામાં સફળ રહ્યા છે અને ભવિષ્યમાં તેની

ક્ષમતા વધારીને ૩૦૦૦ કિલોમીટર સુધી લઈ જવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. નૌકાદળ ઉપરાંત આર્મી અને એરફોર્સ માટે પણ આ મિસાઈલ ઉપલબ્ધ બનશે, જે ૨૦૨૭ થી ૨૦૨૯ દરમિયાન ભારતની ત્રણેય સેનાઓને વધુ અભેદ્ય સુરક્ષા કવચ પૂરું પાડશે.

ટાઈગર પર હુમલા બાદ સલમાન ખાનને ધમકી

લોરેન્સ બિશ્નોઈની માફી માંગ, નહીંતર કોઈ નહીં બચે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગની જવાબદારી સ્વીકારનારા અનિલ પંડિતની એક ઓડિયો ક્લિપ સામે આવી છે.

મુંબઈ ક્રાઈમ બ્રાંચ દ્વારા શેર કરવામાં આવેલા આ ઓડિયોમાં અનિલ પંડિતે બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનને સીધી ધમકી આપી છે અને જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ તેમજ બિશ્નોઈ સમાજની માફી માંગવા કહ્યું છે.

વાઈરલ થયેલા ઓડિયોમાં અનિલ પંડિતે કહ્યું છે કે, સલમાન ખાન, ધ્યાનથી સાંભળી લે. જો તું મારા મોટા ભાઈ લોરેન્સ બિશ્નોઈ અને બિશ્નોઈ સમાજની માફી નહીં માંગે, તો અમે તારા ઘરમાં એક કૂતરાને પણ નહીં છોડીએ. અમે તારા સમગ્ર પરિવારને બરબાદ કરી દઈશું. એવું ન વિચારતો કે તું સુરક્ષામાં છે એટલે તારું કંઈ નહીં થાય.

મુંબઈના જુહૂ વિસ્તારમાં આવેલી પુષ્પા નરસી પાર્ક (જામનાબાઈ નર્સરી) પાસે રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે આ ઘટના બની હતી. ટાઈગર શ્રોફ બહાર નીકળી રહ્યો હતો ત્યારે બાઈક પર આવેલા ૩ હુમલાખોરોમાંથી ૨ લોકોએ તેમની બીએમડબ્લ્યુ કાર પર ફાયરિંગ કર્યું હતું, જ્યારે ત્રીજો વ્યક્તિ બાઈક પર ભાગવામાં મદદ કરવા ઊભો હતો. હુમલાખોરોએ અંદાજે ૭ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

આ હુમલામાં ટાઈગર શ્રોફ ગોળી વાગવાથી બચી ગયો હતો, જોકે કારના કાચ તૂટવાના કારણે તેને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તેના ડ્રાઈવર ફિરદોસના ડાબા હાથમાં ગોળી વાગી છે, જ્યારે એક રાહદારી પણ ઈજાગ્રસ્ત થયો છે.

ઘટના બાદ અનિલ પંડિત અને હરમાન સંધૂ નામના વ્યક્તિએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. તેણે દાવો કર્યો હતો કે ટાઈગર શ્રોફને સલમાન ખાન સાથે કામ ન કરવા માટે પહેલા ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેણે આ વાતને અવગણી હતી. પોસ્ટમાં એવું પણ લખવામાં આવ્યું હતું કે, મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે કોઈ અમારું નહીં સાંભળે અથવા સલમાન ખાન સાથે કામ કરશે, આગામી નંબર તેનો હશે.મુંબઈ પોલીસે આ સોશિયલ મીડિયા પોસ્ટ અને ઓડિયો ક્લિપની સત્યતા તપાસવાનું શરૂ કરી દીધું છે.

ક્રાઈમ બ્રાંચ સહિત પોલીસની ૧૫ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. પોલીસ સીસીટીવી ફુટેજ અને ફોરેન્સિક પુરાવાઓની મદદથી હુમલાખોરોની શોધખોળ કરી રહી છે.

બોલિવૂડના જાણીતા સિંગરના પિતા કોંગ્રેસ પાર્ટીમાં જોડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદૂન

દહેરાદૂન જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષ અને ગાયક જુબિન નૌટિયાલના પિતા રામ શરણ નૌટિયાલ આજે સોમવારે (૧૯ ઓક્ટોબર) કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ ગયા. થોડા દિવસો પહેલા જ તેમણે ભારતીય જનતા પાર્ટી (BJP) માંથી રાજીનામું આપી દીધું હતું, ત્યારપછીથી જ તેમની આગળની રાજકીય ઈનિંગને લઈને અટકળો લગાવવામાં આવી રહી હતી અને આજે તેમણે કોંગ્રેસ પાર્ટીનો હાથ પકડીને પોતાનો આગળનો રસ્તો સાફ કરી દીધો છે. રામશરણ નૌટિયાલે સોમવારે ૧૨ વાગ્યે AICC ના નેશનલ સેક્રેટરી કુમારી શેલજા, ઉત્તરાખંડ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોદિયાલ અને નેતા વિપક્ષ યશપાલ આર્યની હાજરીમાં કોંગ્રેસ પાર્ટી જોઈન કરી.

રામશરણ નૌટિયાલે કોંગ્રેસ પાર્ટીથી જ પોતાની રાજકીય સફરની શરૂઆત કરી હતી, જેના પછી તેઓ ઉત્તરાખંડ કોંગ્રેસના ઉપાધ્યક્ષ પણ રહ્યા હતા. વર્ષ ૨૦૧૪ માં રામશરણ નૌટિયાલ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થયા હતા. જેના પછી ૨૦૨૨ ની ચૂંટણીમાં બીજેપીએ ચકરાતા સીટ પરથી ટિકિટ આપી પરંતુ, તેઓ બીજા સ્થાને રહ્યા. આ સીટ પર તેમનો સારો પ્રભાવ માનવામાં આવે છે. કોંગ્રેસમાં સામેલ થયા પછી રામશરણ નૌટિયાલે કહ્યું કે પાર્ટી મારા વિશે શું વિચારે છે હું તેના વિશે કંઈ કહી શકતો નથી. મેં પાર્ટી માટે એ વિચાર્યું કે હું પાર્ટી જોઈન કરું અને કોંગ્રેસ માટે કામ કરું. ન તો મેં કોઈ કમિટમેન્ટ લીધું છે. મેં કમિટમેન્ટ આપ્યું છે કે હું પૂરી રીતે પાર્ટી માટે કામ કરીશ. રામશરણ નૌટિયાલના કોંગ્રેસ જોઈન કરવા પર કુમારી શેલજાએ તેમનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે આજનો દિવસ જેમનું દિલ સાફ છે, તેમના મનમાં પીડા થાય છે. નૌટિયાલજી કોંગ્રેસમાં ઉપાધ્યક્ષ અને મહાસચિવ રહી ચૂક્યા છે. પાછળથી તેમણે કોઈ પણ કારણોસર કોંગ્રેસ છોડી પરંતુ, જ્યારે ત્યાંની કાર્યશૈલી જોઈ તો તેમને પાછા કોંગ્રેસમાં આવવાનું મન થયું. કુમારી શેલજાએ કહ્યું કે આ મન મારીને બીજેપી ગયા હતા. હવે આ રાહુલ ગાંધીજીને જોઈને કોંગ્રેસ જોઈન કરી રહ્યા છે. તેમને BJP માં ગૂંગળામણ અનુભવાઈ, ત્યાંનો માહોલ અને કામથી એમનું મન ખિન્ન થઈ ગયું હતું. ઉત્તરાખંડ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોદિયાલે કહ્યું કે આજે એક મહત્વપૂર્ણ સાથી કોંગ્રેસ પાર્ટી સાથે આવ્યા છે. અમે તેમનું સ્વાગત કરીએ છીએ. એમનો પ્રભાવ માત્ર દહેરાદૂનમાં જ નહીં પરંતુ પૂરા પ્રદેશમાં ઘણો છે. તેમના આવવાથી કોંગ્રેસ પાર્ટી વધુ મજબૂત થશે.

કેનેડાના સૈન્ય મથકે ભીષણ આગ, ચાર જવાનનાં મૃત્યુ, અનેક ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેનેડાના આલ્બર્ટા પ્રાંતમાં આવેલા કેનેડિયન ફોર્સિસ બેઝ વેનરાઈટ ખાતે લાગેલી ભીષણ આગમાં ચાર લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. સંરક્ષણમંત્રી ડેવિડ મેકગિન્ટીએ આ દુર્ઘટનાની પુષ્ટી કરી હતી. જો કે, જાનહાનિનો ચોક્કસ આંકડો જાહેર નથી કરાયો. આગને કારણે સૈન્ય મથક અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ભારે પવનને કારણે આગ વધુ ફેલાઈ હતી. આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બચાવદળો અને અગ્નિશામક કર્મચારીઓએ મોડી રાત સુધી કામગીરી ચાલુ રાખી હતી. ઘાયલોને વેનરાઈટ સહિત એડમન્ટન શહેરની વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. દર્દીઓની સંખ્યા એટલી વધી ગઈ હતી કે આરોગ્ય સેવાઓ પર ભારે દબાણ સર્જાયું હતું. અનેક હોસ્પિટલોએ કોડ ઓરેન્જ જાહેર કર્યો હતો. એમ્બ્યુલન્સની અછતને કારણે હેલિકોપ્ટર અને વિમાનો દ્વારા પણ દર્દીઓને અન્ય સારવાર કેન્દ્રોમાં પહોંચાડવામાં આવ્યા હતા.કેનેડાની રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોને જાણ કર્યા પછી જ જાનહાનિ વિશે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવશે. વેનરાઈટના મેયર બ્રુસ પ્યુએ સ્થાનિક આરોગ્યકર્મીઓની કામગીરીની પ્રશંસા કરી હતી. મોડી રાત સુધીમાં આગને કાબૂમાં લેવાની કામગીરીમાં પ્રગતિ થઈ હતી અને મિલકતો તથા મહત્વના માળખા સુરક્ષિત હોવાની જાણકારી આપવામાં આવી હતી.વેનરાઈટ સૈન્ય મથક કેનેડાના મુખ્ય તાલીમ કેન્દ્રોમાં એક છે, જ્યાં સૈનિકોને યુદ્ધની પરિસ્થિતિઓ માટે તૈયાર કરવામાં આવે છે. આ દુર્ઘટના અંગે કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની અને આલ્બર્ટાના મુખ્ય મંત્રી ડેનિયલ સ્મિથે દુઃખ વ્યક્ત કર્યું હતું.

ઓઈલ મથકો પર હુમલા નહીં કરવાની ટ્રમ્પની ચેતવણીનો ફિયાસ્કો

યુક્રેનનો રશિયા પર ૧૦૦૦ ડ્રોનનો મારો પિટર્સબર્ગમાં ઓઈલ ટર્મિનલમાં આગ

રશિયાના ૧૫ જેટલા પ્રાંતોને નિશાન બનાવીને યુક્રેન ડ્રોન છોડ્યા હતા, મોટાભાગનાને નાશ કરી દેવાયાનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોસ્કો

યુક્રેને રશિયાના પોર્ટ સિટી સેન્ટ પિટર્સબર્ગ પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. યુક્રેને સેન્ટ પિટર્સબર્ગ સહિતના રશિયન વિસ્તારો પર એક હજારથી વધુ ડ્રોન છોડયા હતા.

આ હુમલા બાદ પિટર્સબર્ગમાં ઓઈલ નિકાસ ટર્મિનલ અને ઓઈલ ડેપોમાં આગ લાગી હતી. અમેરિકા અને યુક્રેન વચ્ચે વધી રહેલી તકરાર સમયે જ યુક્રેન દ્વારા રશિયાના ૧૫ જેટલા પ્રાંતો પર આ હુમલા કરાયા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીને કહ્યું હતું કે તેઓ હવે રશિયન ઓઈલ મથકો પર હુમલા ના કરે. જોકે ટ્રમ્પની આ ચેતવણી વચ્ચે જ યુક્રેને રશિયાના ઓઈલ મથકોને જ સૌથી વધુ નિશાન બનાવીને હુમલા શરૂ કરી દીધા છે. તાજેતરમાં યુક્રેને રશિયા પર કરેલા ૧૦૦૦ ડ્રોન હુમલામાં સૌથી વધુ નુકસાન પોર્ટ સિટી તરીકે ઓળખાતા સેન્ટ પિટર્સબર્ગ શહેરમાં થયું છે. આ હુમલામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે જ્યારે અનેક લોકો ઘાયલ થયાના અહેવાલો છે.યુક્રેનના હુમલામાં પિટર્સબર્ગના ઓઈલ ટર્મિનલ અને રુચી ઓઈલ ડેપોમાં ભિષણ આગ લાગી હતી. જેને પગલે રશિયાને ભારે આર્થિક નુકલાન વેઠવુ પડયું હતું. રવિવારે રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે અમારા સુરક્ષાદળોએ રશિયાના ૧૫ જેટલા પ્રાંતમાં યુક્રેન દ્વારા છોડવામાં આવેલા ડ્રોનનો નાશ કર્યો હતો. રશિયા દ્વારા પણ યુક્રેન પર હુમલો કરવામાં આવ્યો હતો. યુક્રેનના ઝેપોરિઝઝીમાં રશિયાએ કરેલા હુમલામાં એક મહિલાનું મોત નિપજ્યું હતું જ્યારે એક બાળકી સહિત કેટલાક લોકો ઘાયલ થયા હતા. સાથે જ આ હુમલામાં કેટલાક વાહનો, ઈમારતોનો પણ નાશ થયો હતો. ૧૧મી તારીખે અમેરિકન પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો હતો કે રશિયા અને યુક્રેન બન્ને શસ્ત્રવિરામ માટે તૈયાર થઈ ગયા છે.ટ્રમ્પે યુક્રેનને હવે રશિયન ઓઈલ મથકો પર હુમલા નહીં કરવાની સલાહ આપી હતી, જોકે આ સલાહને બાજુમાં મુકીને યુક્રેને હુમલા શરૂ કરી દીધા છે જેને પગલે આ યુદ્ધ હાલ અટકવાની શક્યતા ઓછી છે.

પાકિસ્તાને બે બોર્ડર બંધ કરી

અમેરિકા અને સાઉદીના દબાણમાં પાકિસ્તાને ઈરાનની પીઠમાં છરો ભોંક્યો

પાકિસ્તાને ઈરાન સાથેના બે મુખ્ય બોર્ડર પાર વેપાર માર્ગો ગબદ-રિમનાન અને તફતાન ક્રોસિંગ અસ્થાયી રૂપે બંધ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાકિસ્તાને ઈરાન સાથેના બે પ્રમુખ બોર્ડર પાર વ્યાપાર માર્ગો અસ્થાયી રૂપે બંધ કરી દીધા છે. ગબદ-રિમનાન અને તફતાન ક્રોસિંગ પર વ્યાપારી પ્રવૃત્તિઓ રોકી દેવામાં આવી છે. ઈસ્લામાબાદનું કહેવું છે કે, આ પગલું સુરક્ષા વધારવા અને તસ્કરી રોકવા માટે લેવામાં આવ્યું છે. સરહદની બંને બાજુ સેંકડો ટ્રકો ફસાયેલા છે.

LPG જેવી જરૂરી વસ્તુઓનો પુરવઠો ખોરવાઈ જવાનું જોખમ ઊભું થયું છે. થોડા મહિનાઓ પહેલા જ બંને દેશો વાર્ષિક દ્વિપક્ષીય વેપારને ૧૦ અબજ ડોલર સુધી પહોંચાડવાની વાતો કરી રહ્યા હતા અને સંબંધોને ભાઈચારો ગણાવી રહ્યા હતા. પરંતુ પાકિસ્તાનની આદત ધોખો આપવાની અને પીઠમાં છરો ભોંકવાની છે. પાકિસ્તાનના વાણિજ્ય મંત્રાલયે એક મેમોરેન્ડમ બહાર પાડીને અગાઉના આદેશને રદ કરી દીધો છે.

બલૂચિસ્તાન સરકારના જણાવ્યા પ્રમાણે આ અસ્થાયી બંધ સુરક્ષા સુધારવા, તસ્કરી રોકવા અને સરહદ વ્યવસ્થાપનને અસરકારક બનાવવા માટે છે. ક્વેટા ચેમ્બર ઓફ કોમર્સે વેપારીઓને નવા ઓર્ડર ન આપવાની સલાહ આપી છે. એલપીજી, ચોખા, ફળો અને અન્ય સામાન લઈને અંદાજે બે હજાર ટ્રકો ફસાયેલા હોવાના અહેવાલ છે. ગબદ-રિમનાન માર્ગ પરથી દરરોજ હજારો ટન LPG આવતી હતી, જેના કારણે પાકિસ્તાનના ઊર્જા પુરવઠાને અસર થઈ શકે છે. કેટલાક સ્થળોએ મુસાફરોની અવરજવર ચાલુ છે, પરંતુ વેપાર ઠપ થઈ ગયો છે. ઈરાનના વિદેશ મંત્રાલયે તેને તકનીકી મુદ્દો અને સાવચેતીનું પગલું ગણાવ્યું છે. બંને દેશોના અધિકારીઓ વાતચીત કરી રહ્યા છે અને ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. પાકિસ્તાન અને ઈરાન લાંબા સમયથી પાડોશી અને સાંસ્કૃતિક રીતે નજીકના દેશો રહ્યા છે. બંનેએ વેપાર વધારવા માટે સંયુક્ત બોર્ડર માર્કેટ, બાર્ટર સિસ્ટમ અને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ તરફ કામ કર્યું હતું. ઓગસ્ટમાં સંયુક્ત વેપાર સમિતિની બેઠકમાં ૧૦ અબજ ડોલરનો ટાર્ગેટ દોહરાવવામાં આવ્યો હતો. દ્વિપક્ષીય વેપાર અગાઉ વધીને આશરે ત્રણ અબજ ડોલર સુધી પહોંચી ગયો હતો. ઈરાનથી વીજળીની આયાત કરવા અને નવા ક્રોસિંગ ખોલવા અંગે પણ ચર્ચા ચાલી રહી હતી. આવી સ્થિતિમાં અચાનક વેપાર બંધ થઈ જવો ઘણા લોકો માટે ચોંકાવનારો છે. સરહદી વિસ્તારમાં સુરક્ષા સમસ્યાઓ જૂની છે. બલૂચિસ્તાન અને સિસ્તાન-બલૂચિસ્તાન પ્રાંતોમાં તસ્કરી, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને અસ્થિરતા સામાન્ય રહી છે. પાકિસ્તાનનું કહેવું છે કે, સરહદ વ્યવસ્થાને મજબૂત કરવા માટે આ જરૂરી હતું.

તંત્રી લેખ......

યુરોપ કટોકટીમાં

વિવિધ યુરોપીય દેશોમાં સરકારો સામે વિરોધ પ્રદર્શનો જે રીતે વિવિધ કારણોસર અસ્તવ્યસ્ત બની રહ્યા છે, તે સમગ્ર યુરોપ કટોકટીમાં ડૂબી ગયું હોય તેવું લાગે છે. ફ્રાન્સ, ઈટાલી, અલ્બેનિયા, પોર્ટુગલ અને બેલ્જિયમમાં, તેમની સરકારો પ્રત્યે અસંતોષ વ્યક્ત કરવા માટે રસ્તાઓ પર ઉતરનારા લોકોની સંખ્યા વધી રહી છે તે અસામાન્ય નથી. ચિંતાજનક વાત એ છે કે કેટલાક સ્થળોએ, અસંતોષના આ પ્રદર્શન હિંસા, આગચંપી અને લૂંટફાટમાં પરિણમી રહ્યા છે. આ સંદર્ભમાં, કેટલાક ફ્રેન્ચ શહેરોમાં ફેલાયેલી અરાજકતા વધુ ગંભીર કટોકટીનો સંકેત આપે છે.

વિરોધીઓ આગચંપી અને લૂંટફાટમાં સામેલ થઈ રહ્યા છે, તેમજ પોલીસ અધિકારીઓ પર હુમલો કરી રહ્યા છે. ફ્રાન્સમાં શાળાઓમાં શિક્ષકો અને સુવિધાઓની અછતને લઈને વિરોધ પ્રદર્શન શરૂ થયા હતા. બાદમાં, ફુગાવા અને સામાજિક ખર્ચમાં કાપ જેવા મુદ્દાઓ પણ આ મિશ્રણનો ભાગ બન્યા. ફ્રાન્સ ઉપરાંત, અન્ય યુરોપિયન દેશોમાં, લોકો સરકારી ભ્રષ્ટાચાર, બેરોજગારી અને વધતી જતી ફુગાવા અથવા રહેઠાણની અછતનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતરી રહ્યા છે.એવું માનવાના સારા કારણો છે કે જે લોકો જાહેર અસંતોષનો ઉપયોગ કરે છે અને અરાજકતાનો આશરો લે છે તેઓ સક્રિય થઈ ગયા છે. એવી આશંકા છે કે આગામી દિવસોમાં અન્ય યુરોપિયન દેશોમાં પણ અરાજકતાભર્યા વિરોધનો સામનો કરવો પડી શકે છે. યુરોપમાં પણ ઈમિગ્રન્ટ્સ સામે ગુસ્સો વધી રહ્યો છે. પરિણામે, ઘણા યુરોપિયન દેશોમાં જમણેરી પક્ષો વધી રહ્યા છે. સમસ્યા એ છે કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સનો વિરોધ કાનૂની ઈમિગ્રન્ટ્સને પણ અસર કરી રહ્યો છે. ઈમિગ્રન્ટ વિરોધી વિરોધનો આ મોજો ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ જોવા મળી રહ્યો છે.

યુરોપ અને અન્ય પશ્ચિમી દેશો તેમની સમસ્યાઓ માટે મોટાભાગે જવાબદાર છે. આ દેશો હિંસક વિરોધ પ્રદર્શનોને નિયંત્રિત કરવામાં અસમર્થ છે કારણ કે, કાયદેસર જાહેર ચિંતાઓના આડમાં, પોતાના સંકુચિત હિતોને આગળ વધારવા માંગતા કેટલાક દળો અરાજકતાવાદીઓને ઉશ્કેરી રહ્યા છે. આમાં, ઈસ્લામિક અને સામ્યવાદી જોડાણની ભૂમિકા ખાસ કરીને અગ્રણી છે.આવા જોડાણો વિશ્વભરના અન્ય દેશોમાં પણ અસ્થિરતા અને અરાજકતાનું વાતાવરણ બનાવી રહ્યા છે. કેટલીક જગ્યાએ, આ જોડાણો આતંકવાદની હિમાયત કરનારાઓને પણ ટેકો આપી રહ્યા છે અને લોકો વચ્ચે વૈચારિક વિભાજન વધારી રહ્યા છે. આવા તત્વોને સંબોધવા માટે વિશ્વ સમુદાયે એક સાથે આવવાની જરૂર છે. જો આવું ન થયું હોત, તો આજે યુરોપમાં જે અશાંતિનું વાતાવરણ દેખાઈ રહ્યું છે તે વિશ્વના અન્ય દેશોમાં પણ જોઈ શકત.

સુપ્રીમ કોર્ટે CM થલપતિ વિજયને સંભળાવી દીધું

સરકાર મંદિરની મિલકતોની સંરક્ષક છે, માલિક નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)મદ્રાસ

મદ્રાસ હાઈકોર્ટના એક મહત્ત્વપૂર્ણ ચૂકાદાને પલટી નાખતા સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવ્યું છે કે રાજ્ય સરકાર મંદિરની સંપત્તિઓની માત્ર સંરક્ષક અને નિયામક (કસ્ટોડિયન) છે, તેની માલિક નથી.

સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા જણાવ્યું કે કોઈ પણ ટ્રસ્ટી પાસેથી રાજ્ય સરકાર આવી સંપત્તિ ભેટ (ગિફ્ટ) સ્વરૂપે સ્વીકારી શકે નહીં, ભલે તે ટ્રાન્સફર સાર્વજનિક હેતુ કે જાહેર હિત માટે જ કેમ ન કરવામાં આવી હોય. જસ્ટિસ પીએસ નરસિંહા અને જસ્ટિસ આલોક અરાધેની બેન્ચે તમિલનાડુ સરકારને આકરા શબ્દોમાં ફટકાર લગાવતા ગિફ્ટ ડીડને અમાન્ય જાહેર કરી દીધી છે.

આ વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જ્યારે તમિલનાડુના ઈરોડ જિલ્લામાં આવેલા નાગપાલયમ મરિયમ્મન-પોન્નાચિયમ્મન મંદિરના એક અસ્થાઈ ટ્રસ્ટીએ ૩૦ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ ગિફ્ટ ડીડ દ્વારા મંદિરની ૧ એકર અને ૧૦ સેન્ટ જમીન તાલુક કાર્યાલય બનાવવા માટે રાજ્ય સરકારને સોંપી દીધી હતી. આ નિર્ણયને કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જોકે, માર્ચ ૨૦૧૯માં મદ્રાસ હાઈકોર્ટે આ અરજીને ફગાવી દીધી હતી અને ટ્રાન્સફરને યોગ્ય ઠેરવી હતી. આ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં સવાલ હેઠળ લાવવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન નોંધ્યું કે આ ભેટ તમિલનાડુ હિન્દુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોવમેન્ટ્સ **(HR&CE)** એક્ટ, ૧૯૫૯ની કલમ ૪૧નું સીધું ઉલ્લંઘન કરે છે. આ કલમ ધાર્મિક સંસ્થાના નિભાવ કે જાળવણી માટે આપેલી ઈનામ (દાનમાં આપેલી) જમીનને ગિફ્ટ તરીકે આપવા પર સ્પષ્ટ મનાઈ ફરમાવે છે. કોર્ટે ઉમેર્યું કે મહેસૂલ વિભાગના કોઈ અધિકારી દ્વારા મંદિરની જમીન ભેટ તરીકે સ્વીકારવી, ભલે તેનો હેતુ ગમે તેટલો નેક કે જાહેર હિતનો હોય, પણ તે કાયદાના મૂળ ઉદ્દેશ્યથી વિપરિત છે. ચુકાદો આપતાં બેન્ચે ભારપૂર્વક જણાવ્યું કે, કોઈ દેવતાને સમર્પિત સંપત્તિ હવે દાન આપનારની રહેતી નથી, પરંતુ તે દેવતા અને તે ભક્તોના સમુદાયની બની જાય છે. મંદિરની સંપત્તિ દેવતા માટે હોય છે, ટ્રસ્ટીના પદ પર બેઠેલી વ્યક્તિ દ્વારા મનસ્વી રીતે વહેંચવા માટે નહીં—પછી ભલે તેનો ઈરાદો ગમે તેટલો સારો કેમ ન હોય. ટ્રસ્ટીઓએ ધાર્મિક સંસ્થાઓ અને તેમની સંપત્તિનું સંચાલન એટલી જ કાળજીથી કરવું જોઈએ જેટલું કોઈ સમજદાર વ્યક્તિ પોતાના અંગત વ્યવહારોનું કરે છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના વલણની આકરી ટીકા કરી હતી, કેમ કે ચાર વર્ષથી વધુ સમય સુધી મંદિરની સંપત્તિને સરકારી સંપત્તિ ગણીને તેની પર બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું હતું.

કોર્ટે આ જમીન માટે ૮ માર્ચ, ૨૦૧૯થી અત્યાર સુધીનું માસિક રૂ. ૩૧,૦૦૦ લેખે ભાડું અને બાકી નીકળતી તમામ રકમ ૩ મહિનાની અંદર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત રાજ્ય સરકાર પર રૂ. ૧ લાખનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે, જે રકમ મંદિરને સોંપવામાં આવશે. તાલુક કાર્યાલયનું બાંધકામ જાહેર નાણાંથી થઈ ચૂક્યું હોવાથી લીઝ રદ કરવામાં આવી નથી, પરંતુ દર ૩ વર્ષે ભાડાની સમીક્ષા કરવાનો આદેશ અપાયો છે.

ટિકિટ ચેકર્સને ઓન-ધ-સ્પોટ કાર્યવાહી કરવાની સત્તા

ટ્રેનમાં મોટા અવાજે વીડિયો-ગીતો સાંભળવાનું બંધ કરી દેજો, નહીંતર જેલની સજા થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હવે ટ્રેનની અંદર કે સ્ટેશન પરિસરોમાં મોબાઈલ ફોન સ્પીકર મોડ પર વાપરવા, મોટેથી ગીતો કે રીલ્સ જોવી અને મોડે સુધી ઊંચા અવાજે ફોન પર વાતો કરતા મુસાફરો સામે કાર્યવાહી થશે. ભારતીય રેલવેએ કડક પગલાં લીધાં છે. જન વિશ્વાસ સુધારા અધિનિયમ હેઠળ થયેલા નવા સુધારાઓ લાગુ થયા પછી હવે તેને એક ગુનો બનાવવામાં આવ્યો છે.

દક્ષિણ રેલવે સહિત તમામ રેલવે ઝોનને જાહેર ઘોષણાઓ અને સ્ટેશનો પર નોટિસ બોર્ડ લગાવીને મુસાફરોને જાગૃત કરવા તથા ટિકિટ ચેકર્સને ઓન-ધ-સ્પોટ કાર્યવાહી કરવાની સત્તા આપવાના નિર્દેશો આપવામાં આવ્યા છે. રેલવે બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નવા દિશા-નિર્દેશો મુજબ, સહ-મુસાફરોની શાંતિ ભંગ કરવા પર કડક દંડ અને કાયદાકીય સજાની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રથમ વખતઃ નિયમનું ઉલ્લંઘન કરવા પર ૧,૦૦૦ રૂપિયાનો દંડ અને ટ્રેનમાંથી ઉતારી શકાશે.

બીજી વખત અથવા સતત આવું કરવા પરઃ ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અને ૬ મહિના સુધીની જેલ (અથવા બંને) થઈ શકે છે.

મુસાફરોને સૂચના આપવામાં આવી છે કે તેઓ સંગીત સાંભળવા, રીલ્સ કે સિરિયલ્સ જોવા માટે માત્ર ઈયરફોનનો જ ઉપયોગ કરે. ફોન પર વાતચીત ધીમા અવાજે કરે અને મોબાઈલની રિંગટોનને પણ ધીમા વોલ્યુમ કે વાઈબ્રેશન મોડ પર રાખે, ખાસ કરીને રાત્રે ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા દરમિયાન.

રેલવેની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે બંધ છજ્ઞ ડબ્બા અને વંદે ભારત એક્સપ્રેસ જેવી શાંત ટ્રેનોમાં લાઉડ ફોન કૉલ, સોશિયલ મીડિયા રીલ્સ અને બાળકોના કાર્ટૂનના મોટા અવાજથી સહ-મુસાફરોને માનસિક પરેશાની થાય છે. નિયમિત મુસાફરોનું કહેવું છે કે સ્લીપર ક્લાસની સરખામણીમાં એસી કોચમાં બહારનો અવાજ ઓછો હોવાને કારણે મોબાઈલનો અવાજ વધુ પરેશાન કરે છે. રેલવે મુસાફરોએ આ પગલાનું સ્વાગત કર્યું છે, પરંતુ સાથે એ માંગ પણ ઉઠાવી છે કે **TTE** અને **RPF** દ્વારા તેનું કડક પાલન કરાવવામાં આવે, કારણ કે રાત્રે વારંવાર ફરિયાદ નોંધાવવી મુશ્કેલ બને છે.

જો તમારી બોગીમાં કોઈ મુસાફર ના પાડવા છતાં મોટેથી સ્પીકર ચલાવી રહ્યો છે અથવા ઉપદ્રવ મચાવી રહ્યો છે, તો તમે આ માધ્યમોથી તુરંત ફરિયાદ નોંધાવી શકો છો.

રેલ મદદ એપ દ્વારા તુરંત તમારો **PNR** અને કોચ નંબર નાખીને ફરિયાદ કરો.

રેલવે હેલ્પલાઈન નંબર ૧૩૯ પર ફોન કરીને ચાલુ ટ્રેને ફરિયાદ નોંધાવો. ઓન-બોર્ડ **TTE, RPF** જવાનો અથવા કોચ અટેન્ડન્ટને તુરંત જાણ કરો.

ગરબામાં બાઉન્સરો તલવાર અને ધોકા સાથે ખેલૈયા પાછળ દોડ્યાઃ મચી અફરાતફરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

નવરાત્રિના પાવન પર્વ દરમિયાન અમદાવાદ અને સુરતમાં ગરબા આયોજન સ્થળેથી વિવાદ અને અરાજકતાના બે અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. અમદાવાદના 'મંડળી' ગરબામાં પ્રવેશ મુદ્દે ખેલૈયાઓ અને સિક્યોરિટી ગાર્ડ વચ્ચે બોલાચાલી બાદ મામલો હિંસક બન્યો હતો, જ્યાં બાઉન્સરો લાકડીઓ અને ખુલ્લી તલવારો સાથે ખેલૈયા પાછળ દોડ્યા હતા. બીજી તરફ, સુરતના અવધ ઉથોપિયામાં ગરબા દરમિયાન ડીજે પર ફિલ્મી ગીતો વગાડવાને લઈને હિન્દુ સંગઠનોએ વિરોધ નોંધાવ્યો હતો.

અમદાવાદમાં આયોજિત 'મંડળી ગરબા'માં ગરબા સ્થળે પ્રવેશ મેળવવા મુદ્દે ખેલૈયાઓ અને સિક્યોરિટી ગાર્ડ વચ્ચે ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. વાત વણસતાં બાઉન્સરોએ લાકડીઓ અને ખુલ્લી તલવારો સાથે મેદાનમાં ઉતરી આવી ખેલૈયાઓ પાછળ દોટ મૂકી હતી.

ઘાતક હથિયારો જોઈને ખેલૈયાઓમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. થોડીવાર માટે તો કોઈને ખબર નહોતી પડી કે આખરે મામલો શું છે. પાસ લઈને રમવા આવેલા ખેલૈયાઓમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

આ અરાજકતા અને ઘર્ષણના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ સાંતેજ પોલીસ અને ગાંધીનગર જિલ્લા ન્ઝમ સહિતનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો અને સ્થિતિ પર નિયંત્રણ મેળવ્યું હતું. આયોજકોના જણાવ્યા મુજબ, કેટલાક અસામાજિક તત્વો ગેરકાયદેસર રીતે અંદર પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. હાલ સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને મામલો શાંત પાડવામાં આવ્યો છે.

બીજી તરફ, સુરતના અવધ ઉથોપિયામાં આયોજિત ગરબા મહોત્સવમાં ડીજે પર ફિલ્મી ગીતો વગાડવાને લઈને વિવાદ સર્જાયો હતો. સ્થાનિક હિન્દુ સંગઠનો દ્વારા આ બાબતે ભારે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સંગઠનના સભ્યોએ ગરબા સ્થળે પહોંચીને જાહેરાત કરાવી હતી અને માતાજીની આરાધના દરમિયાન માત્ર પારંપરિક ગરબા જ વગાડવા તથા ભવિષ્યમાં ફિલ્મી ગીતો ન વગાડવા અંગે આયોજકો પાસેથી બાંહેધરી લીધી હતી.

૨ લાખની સોપારી આપી મિત્રને રસ્તામાંથી હટાવી દીધોઃ મિત્રની પત્ની સાથે લગ્ન કરવા માગતો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉત્તર પૂર્વીદિલ્હીના સોનિયા વિહાર વિસ્તારમાં ૩૪ વર્ષીય મનીષ યાદવની હત્યાના મામલામાં પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે, જ્યારે બે સગીરની અટકાયત કરવામાં આવી છે.

પોલીસનો દાવો છે કે હત્યાનું કાવતરું એક એવા વ્યક્તિએ રચ્યું હતું, જે મનીષની પત્ની સાથે લગ્ન કરવા માગતો હતો. આરોપ છે કે તેણે હત્યાને અંજામ આપવા માટે બે સગીરને બે લાખ રૂપિયા આપવાનો વાયદો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, મનીષ યાદવની ૧૩ ઓક્ટોબરના રોજ સોનિયા વિહારના ૪.૫ પુશ્તા વિસ્તાર નજીક ગોળી મારીને હત્યા કરી નાખી હતી. આ મામલાની તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ પુરાવા, નાણાકીય લેવડદેવડ અને આરોપીઓ સાથે પૂછપરછના આધારે કથિત કાવતરાનો ખુલાસો થયો છે. પોલીસે મુખ્ય આરોપીની ઓળખ ઉમેશ મૌર્ય તરીકે કરી છે. કહેવાય છે કે મૌર્ય મનીષ અને તેની પત્નીને પહેલાથી જાણતો હતો. તેનું પોતાના લગ્નજીવનમાં તણાવ હતો અને છૂટાછેડાની અરજી કોર્ટમાં પેન્ડિંગ હતી. પોલીસનો દાવો છે કે, મૌર્ય મનીષની પત્ની સાથે લગ્ન કરવા માગતો હતો અને આ કારણથી તેણે મનીષને રસ્તામાંથી હટાવવાનો પ્લાન બનાવ્યો હતો. તપાસકર્તા અનુસાર, મૌર્યે પોતાના સહયોગી વિવેક સિંહ સાથે મળીને કથિત રીતે બે સગીરને હત્યા માટે તૈયાર કર્યા હતા. આ મામલામાં આનંદ, નિતિન ઉર્ફે નરેન્દ્ર અને ભીમ સિંહને પણ આરોપી બનાવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૧૩ ઓક્ટોબરની રાતે લગભગ ૯.૧૦ કલાકે સોનિયા વિહાર પોલીસમાં પીસીઆર કોલ મળ્યો કે ૪.૫ પુશ્તા વિસ્તારમાં એક વ્યક્તિને ગોળી મારી દીધી છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી તો જાણવા મળ્યું કે, સિવિલ લાઈન્સ સ્થિત સુશ્રુત ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થઈ ગયું. શરૂઆતમાં વિવેક સિંહે પોલીસને જણાવ્યું કે, બાઈક સવાર બે લોકોએ મનીષના માથામાં ગોળી મારી હતી. તપાસ દરમિયાન તેમના નિવેદનમાં વિસંગતિ જોવા મળી હતી. પોલીસનો આરોપ છે કે ગોળીબાર કરતા પહેલા ઉમેશ મૌર્યે મનીષને ઘટનાસ્થળે બોલાવ્યો હતો. ત્યાર બાદ તપાસમાં મૌર્ય, વિવેક સિંહ, આનંદ અને તેના સહયોગીઓ વચ્ચે કથિત કાવતરાની જાણ થઈ.

પોલીસના જણાવ્યા અનુસાર, હત્યાના કાવતરાને ૧૦ ઑક્ટોબરે પણ અંજામ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે દિવસે મૌર્ય મનીષને રોહિણીથી સોનિયા વિહાર લઈ જવા ગયો હતો, જ્યારે એક સગીર ૪.૫ પુશ્તા વિસ્તાર પાસે રાહ જોઈ રહ્યો હતો. જોકે, મનીષે ઘરે પાછા ફરવાનો ઈનકાર કરતાં હત્યાનું કાવતરું સફળ થઈ શક્યું નહોતું.

૧૩ ઑક્ટોબરે મૌર્યએ ફરી મનીષનો સંપર્ક કર્યો અને તેના લોકેશન વિશે માહિતી મેળવી. પોલીસના જણાવ્યા અનુસાર, તે સમયે મનીષ તેની બહેનની પરીક્ષાના કામસર નોઈડા ગયો હતો. આરોપ છે કે મૌર્ય, વિવેક અને આનંદ ૪.૫ પુશ્તા વિસ્તાર પાસે રાહ જોઈ રહ્યા હતા, જ્યારે બંને સગીર બાઈક પર આસપાસ હાજર હતા. મનીષ ત્યાં પહોંચે ત્યારે કથિત હુમલાખોરોને સંકેત આપવાની જવાબદારી આનંદને સોંપવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મનીષને ઘરની બહાર બોલાવવા માટે મૌર્યએ તેની પાસેથી અગાઉ લીધેલા એક હજાર રૂપિયા પરત માગ્યા હતા. આ માટે તેણે મનીષને **UPI** દ્વારા ૧૦૦ રૂપિયા મોકલ્યા અને બાકીની રકમ રોકડમાં પરત આપવા કહ્યું હતું.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૧૯/૧૦/૨૦૨૬

અં.નં.	આઇટમ વિગત	આવક	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	મગફળી	૨૨૩૦૯	૧,૬૫૦.૦૦	૨,૦૦૨.૦૦
૨	એરંડા	૦	૧,૭૨૫.૦૦	૧,૭૩૦.૦૦
૩	ઘઉં	૧૬૫	૫૫૨.૦૦	૬૧૬.૦૦
૪	બાજરી	૦	૪૫૦.૦૦	૪૯૦.૦૦
૫	મકાઇ	૫૧	૫૧૪.૦૦	૫૨૮.૦૦
૬	અડદ	૪૮	૧,૫૦૦.૦૦	૧,૭૨૧.૦૦
૭	કપાસ	૬૨	૧,૮૫૪.૦૦	૧,૮૮૯.૦૦
૮	સોયાબીન	૨૨૮	૧,૩૦૧.૦૦	૧,૪૧૨.૦૦

ગુજરાત રાજ્યના ૧૨ IAS અધિકારીઓ વિદેશ પ્રવાસે જશે

મહેસૂલ વિભાગ રાજ્ય સરકારના અત્યંત સંવેદનશીલ અને મહત્વના વિભાગો પૈકીનો એક માનવામાં આવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

વાઈબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત રાજ્યના કુલ ૧૨ IAS અધિકારીઓ વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે.આ અધિકારીઓ વિવિધ દેશોના પ્રવાસે જઈને મહત્વની કામગીરી સંભાળવાના છે. સનદી અધિકારીઓના આ પ્રવાસને પગલે સચિવાલયમાં વહીવટી શૂન્યાવકાશ ન સર્જાય તે જોવામાં આવ્યું છે.રાજ્ય સરકાર દ્વારા વહીવટ સુચારૂ રૂપે ચાલે તે માટે વિશેષ આદેશ જારી કરવામાં આવ્યા છે.રાજ્ય સરકારે તેમના વિભાગોની જવાબદારી અન્ય સક્ષમ IAS અધિકારીઓને સોંપવાનો નિર્ણય લીધો છે. પ્રવાસ દરમિયાન તમામ દૈનિક અને નીતિવિષયક કામગીરી સતત ચાલુ રહે તેવો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે.રાજ્યના વિવિધ વહીવટી વિભાગોમાં યોગ્ય સંકલન જળવાઈ રહે તે બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે. નાગરિકો અને સચિવાલયની રોજિંદી ફાઈલોના નિકાલમાં કોઈ વિલંબ ન થાય તેની કાળજી રખાઈ છે. વહીવટી ફેરફારો અંતર્ગત અપર મુખ્ય સચિવ કક્ષાના બે વરિષ્ઠ અધિકારીઓનો હવાલો સોંપાયો છે.જેમાં સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માનો સમાવેશ થાય છે.અંજુ શર્મા વિદેશ પ્રવાસે જઈ રહ્યા હોવાથી તેમની જગ્યાએ કામચલાઉ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.સામાન્ય વહીવટ વિભાગનો મહત્વનો હવાલો આઈએએસ અધિકારી ટી.નટરાજનને સુપરત કરવામાં આવ્યો છે.આ વિભાગ રાજ્યના સમગ્ર સનદી તંત્ર અને કર્મચારીઓના વહીવટ સાથે સીધો સંકળાયેલો છે.તેથી આ વિભાગની કામગીરીમાં સાતત્ય જળવાય તે માટે ટી.નટરાજન જવાબદારી સંભાળશે.આ ઉપરાંત મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતી રવિ પણ વિદેશ પ્રવાસે જશે.જયંતી રવિની ગેરહાજરી દરમિયાન મહેસૂલ વિભાગનો ચાર્જ આઈએએસ બી. એ.શાહને સોંપાયો છે.મહેસૂલ વિભાગ રાજ્ય સરકારના અત્યંત સંવેદનશીલ અને મહત્વના વિભાગો પૈકીનો એક માનવામાં આવે છે.બી.એ.શાહ હવે જયંતી રવિ વિદેશ પ્રવાસથી પરત ન ફરે ત્યાં સુધી આ હવાલો સંભાળશે.આ બંને વરિષ્ઠ વિભાગોમાં વહીવટી કામગીરી અવિરત ચાલે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત થઈ છે.ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા પણ વિદેશ જશે.તેમના પ્રવાસ દરમિયાન ઉદ્યોગ વિભાગનો હવાલો રાજીવ ટોપનોને સોંપાયો છે.રાજીવ ટોપનો હવે ઉદ્યોગ વિભાગની તમામ મહત્વની ફાઈલો સંભાળશે.

વાઈબ્રન્ટ ગુજરાત માટે આ વિભાગનું સંચાલન ખૂબ જરૂરી છે.શહેરી વિકાસ સચિવ લોચન શહેરા પણ આ પ્રવાસમાં સામેલ છે.તેમની ગેરહાજરીમાં આ વિભાગનો ચાર્જ વિનોદ રાવને સોંપવામાં આવ્યો છે.વિનોદ રાવ હવે શહેરી વિકાસ વિભાગનું વહીવટી કામકાજ જોશે.આમ તમામ મુખ્ય વિભાગોમાં વહીવટી સાતત્ય જાળવી રાખવામાં આવ્યું છે.રાજ્યના કુલ ૧૨ સનદી અધિકારીઓ વિદેશના પ્રતિનિધિમંડળમાં સામેલ થશે.તમામ વિભાગોમાં દૈનિક કામકાજ કોઈ પણ અવરોધ વિના ચાલશે.પ્રવાસ પૂર્ણ થતાં જ મૂળ અધિકારીઓ ફરી પદભાર સંભાળશે.સરકારે આ મહત્વની વહીવટી જવાબદારીઓની વહેંચણી તાત્કાલિક પૂર્ણ કરી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

મૃતદેહને દાટવા કે બાળવાથી પર્યાવરણને નુકસાન

પાણીમાં મૃતદેહ 'ડીકમ્પોઝ' કરવો સૌથી ઈકોફ્રેન્ડલી અંતિમસંસ્કાર : વૈજ્ઞાનિકો

મૃતદેહને અંદર નાખ્યા બાદ ટેન્કના પાણીને ખુબ ગરમ કરવામાં આવે છે અને તાપમાનને ૯૦થી ૧૫૦ ડિગ્રી સુધી લઈ જવાય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

મૃતદેહના અંતિમ સંસ્કાર કે અંતિમવિધિ માટે જુદી જુદી પદ્ધતિઓ અપનાવાય છે, કોઈના મૃતદેહ દાટવામાં આવે છે તો કોઈના અગ્નિસંસ્કારથી બાળવામાં આવે છે. જોકે વૈજ્ઞાનિકોએ પાણીના ઉપયોગથી મૃતદેહનો નિકાલ કરવાની પદ્ધતિ શોધી છે. પાણીમાં મૃતદેહને ડીકમ્પોઝ કરવાની આ પદ્ધતિનો કેટલાક લોકો ઉપયોગ પણ કરી ચુક્યા છે. કેમ કે તેને વધુ ઈકો-ફ્રેન્ડલી પદ્ધતિ પણ માનવામાં આવે છે.વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ મૃતદેહને દફનાવવા કે દાટવા કરતા સળગાવવાની પદ્ધતી પર્યાવરણીય રીતે વધુ યોગ્ય માનવામાં આવે છે.

જોકે મૃતદેહ સળગાવવા માટે ફયઅલ, લાકડા, ઈંધણ, વીજળી વગેરેની વધુ પ્રમાણમાં જરૂર પડે છે. જ્યારે બીજી તરફ મૃતદેહ સળગાવ્યા બાદ હવામાં મોટા પ્રમાણમાં પ્રદુષિત કાર્બન ડાયોક્સાઈડ ફેલાય છે. દફનાવવા અને બાળવા સિવાય હવે ત્રીજી પદ્ધતિ પર વૈજ્ઞાનિકો ભાર મુકી રહ્યા છે. જેને બાયોક્રિમેશન, ફ્લેમલેસ ક્રિમેશન અથવા તો વોટર ક્રિમેશન એટલે કે પાણીમાં જ અંતિમસંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે.

જોકે અહીંયા પાણીમાં અંતિમસંસ્કારનો મતલબ પાણીમાં મૃતદેહને પધરાવી દેવાનો નથી થતો. પરંતુ એક ટેન્કમાં પાણી ભરીને તેમાં મૃતદેહને રાખીને એક ચોક્કસ પદ્ધતીથી તેનો નિકાલ કરવામાં આવે છે. વિજ્ઞાનિકોના દાવા મુજબ આ પદ્ધતીને સૌથી વધુ ઈકો-ળેન્ડલી માનવામાં આવે છે. કેમ કે તેમાં કોઈ જ પ્રદુષિત હવા નથી ફેલાતી, અંતે માત્ર હાડકાનો પાઉડર જ બચે છે. બધી બાજુથી બંધ કરી શકાય અને પ્રેશર જનરેટ કરી શકાય તેવા એક ટયુબ કે ટેન્કમાં પાણી ભરવામાં આવે છે, બાદમાં તેના પોટેશિયમ હાઈડ્રોક્સાઈડ નાખવામાં આવે છે.મૃતદેહને અંદર નાખ્યા બાદ આ ટેન્કના પાણીને ખુબ ગરમ કરવામાં આવે છે અને તાપમાનને ૯૦થી ૧૫૦ ડિગ્રી સુધી લઈ જવામાં આવે છે. જેમ જેમ ટેન્કમાં પ્રેશર વધતું જાય છે તેમ તે મૃતદેહ ડિકમ્પોઝ થવા લાગે છે. ખાસ વાત એ છે કે આ પદ્ધતિમાં મૃતદેહને ઉકાળવામાં નથી આવતો. આ તુરંત નહીં પણ કલાકોનો સમય લેતી પદ્ધતિ છે જેમાં અંતે એક લિક્વિડ તૈયાર થાય છે તેનો ઉપયોગ બાદમાં ખાતર વગેરેમાં કરવામાં આવે છે, જે હાડકા બચે છે તેને બાદમાં એક અવનમાં નાખીને તેનો પાઉડર બનાવી દેવાય છે અને પરિવારજનોને સોંપવામાં આવે છે. એક અમેરિકન કંપનીના દાવા મુજબ પાણીમાં અંતિમસંસ્કારની પદ્ધતિ સળગાવવાની પદ્ધતિ કરતા ૯૦ ટકા ઓછી ઉર્જાનો ઉપયોગ કરે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

યાત્રીઓની સુવિધામાં વધારો કરવાની દિશામાં પશ્ચિમ રેલવેનું મહત્ત્વપૂર્ણ પગલું

૨૧ ઓક્ટોબરથી વેરાવળ–બાન્દ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસનો ચોરવાડ રોડ સ્ટેશન પર પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ

યાત્રીઓને વધુ સારી રેલવે સુવિધાઓ પૂરી પાડવા તથા સ્થાનિક સ્તરે રેલવે કનેક્ટિવિટી વધુ મજબૂત બનાવવાના હેતુથી પશ્ચિમ રેલવે દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સક્ષમ સત્તાધિકારીની મંજૂરી બાદ ભાવનગર મંડળના ચોરવાડ રોડ સ્ટેશન પર વેરાવળ–બાન્દ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ (૧૯૨૧૮/૧૯૨૧૭)ને પ્રાયોગિક ધોરણે સ્ટોપેજ આપવામાં આવ્યું છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે પશ્ચિમ રેલવે દ્વારા લેવામાં આવેલા નિર્ણય અનુસાર ટ્રેનોના પ્રાયોગિક સ્ટોપેજની વિગત નીચે મુજબ છે:

૧. ટ્રેન નંબર ૧૯૨૧૮ વેરાવળ–બાન્દ્રા સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસ ૨૧.૧૦.૨૦૨૬થી ચોરવાડ રોડ સ્ટેશન પર ઊભી રહેશે. આ ટ્રેનનો ચોરવાડ રોડ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય અનુક્રમે ૧૨:૧૫ અને ૧૨:૧૬ કલાક રહેશે.

૨. ટ્રેન નંબર ૧૯૨૧૭ બાન્દ્રા–વેરાવળ સૌરાષ્ટ્ર જનતા દૈનિક એક્સપ્રેસ ૨૨.૧૦.૨૦૨૬થી ચોરવાડ રોડ સ્ટેશન પર ઊભી રહેશે. આ ટ્રેનનો ચોરવાડ રોડ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનનો સમય અનુક્રમે ૦૫:૪૯ અને ૦૫:૫૦ કલાક રહેશે.

મંડળ રેલવે પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું હતું કે આ પ્રાયોગિક સ્ટોપેજથી ચોરવાડ રોડ રેલવે સ્ટેશન વિસ્તારના મુસાફરોને મુસાફરીમાં વધુ સુવિધા મળશે. આ ઉપરાંત, સ્થાનિક નાગરિકોને વધુ સારી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થવાથી અવરજવર સરળ બનશે અને પ્રાદેશિક વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

પશ્ચિમ રેલવે મુસાફરોની જરૂરિયાતો અને જન અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને રેલવે સેવાઓના વિસ્તરણ, મુસાફર સુવિધાઓના ઉન્નતીકરણ તથા સુરક્ષિત, સરળ અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

ભાવનગર મંડળ RPFની સતર્કતાથી એકલો મુસાફરી કરી રહેલો સગીર બાળક સુરક્ષિત રીતે GRP/જેતલસરમાં સોંપાયો

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં રેલવે સુરક્ષા બળ (RPF)ના સતર્ક અને સંવેદનશીલ કર્મચારીઓએ માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં એકલો મુસાફરી કરી રહેલા સગીર બાળકને સુરક્ષિત સંભાળ અને રક્ષણ માટે રાજકીય રેલવે પોલીસ (GRP), જેતલસરમાં સોંપ્યો હતો. ભાવનગરના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પેસેન્જર ટ્રેન નંબર ૫૯૪૨૪ (વેરાવળ–રાજકોટ)માં એક સગીર બાળક એકલો મળી આવ્યો હતો. એક મુસાફર બાળકને RPF પોસ્ટ, જેતલસર ખાતે લઈ આવ્યો હતો, જ્યાં ફરજ પર તૈનાત ASI શ્રી દીપક મીનાએ તેની પૂછપરછ કરી હતી. બાળકે પોતાનું નામ રુદ્ર, પિતાનું નામ શ્રી અમિત ગુપ્તા, ઉંમર આશરે ૧૨–૧૩ વર્ષ અને રહેવાસી બોઈસર, મહારાષ્ટ્ર હોવાનું જણાવ્યું હતું. પૂછપરછ દરમિયાન બાળકે જણાવ્યું હતું કે તે ઘરમાં કોઈને જાણ કર્યા વિના ટ્રેનમાં બેસીને અહીં આવી ગયો હતો. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ASI શ્રી દીપક મીનાએ ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ અને GRP/જેતલસરને ફોન દ્વારા જાણ કરી હતી. ચાઈલ્ડ હેલ્પલાઈન તરફથી મળેલી સલાહ અનુસાર, બાળકની સુરક્ષા, સંભાળ અને બાળકલ્યાણ સંબંધિત જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે સ્ટેશન માસ્ટર, જેતલસરની હાજરીમાં બાળકને GRP/જેતલસરમાં સોંપવામાં આવ્યો હતો, જેથી નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરી શકાય.

આ માનવીય કામગીરીની પ્રશંસા કરતાં ભાવનગરના મંડળ રેલવે પ્રબંધક શ્રી દિનેશ વર્માએ RPF કર્મચારીઓની સતર્કતા, તત્પરતા અને સંવેદનશીલતાની સરાહના કરી હતી.

મંડળ સુરક્ષા આયુક્ત, ભાવનગર, શ્રી અજય શર્માના માર્ગદર્શન હેઠળ ભાવનગર મંડળ RPF દ્વારા બાળકોની સુરક્ષા અને સંરક્ષણ માટે સંબંધિત એજન્સીઓ સાથે સંકલન સાધીને ત્વરિત અને સંવેદનશીલ કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

ભાવનગર મંડળમાં રેલવે સુરક્ષા દળ અને સંબંધિત એજન્સીઓના સંકલનથી આવા કિસ્સાઓમાં ત્વરિત, સંવેદનશીલ અને જવાબદારીપૂર્વકની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મુસાફરોને અપીલ કરવામાં આવે છે કે જો તેમને ટ્રેન અથવા સ્ટેશન પર કોઈ બાળક એકલું અથવા અસહાય સ્થિતિમાં જોવા મળે, તો તાત્કાલિક રેલવે સુરક્ષા દળ અથવા ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર ૧૦૯૮ પર જાણ કરે, જેથી સમયસર જરૂરી સહાય પૂરી પાડી શકાય. ભાવનગર મંડળ મુસાફરોની સુરક્ષિત મુસાફરી સુનિશ્ચિત કરવાની સાથે બાળકો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓની સહાય તથા સુરક્ષા માટે હંમેશાં સતર્ક, સંવેદનશીલ અને પ્રતિબદ્ધ છે.

જૂનાગઢ–શાપુર રેલખંડ પર રેલવે ફાટક નંબર 82Xના સમારકામ માટે ૨૧/૨૨ ઑક્ટોબરની રાત્રે માર્ગ વાહન વ્યવહાર બંધ રહેશે

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ હેઠળ જૂનાગઢ–શાપુર રેલખંડ પર રેલવે ફાટક નંબર 82X (ચોબારી મધુરમ બાયપાસ), રેલવે કિલોમીટર ૧૦૬/૪-૫ પર રસ્તાની સપાટીના સમારકામની કામગીરી કરવામાં આવશે. આ કામગીરી ૨૧ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ૨૨:૦૦ વાગ્યાથી ૨૨ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી નિર્ધારિત કરવામાં આવી છે. સમારકામની કામગીરી દરમિયાન રેલવે ફાટક નંબર ૮૨૯ પરથી માર્ગ વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. માર્ગ સલામતી અને રેલવે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ કામગીરી આવશ્યક છે.

રેલવે પ્રશાસન દ્વારા વાહન ચાલકો અને સામાન્ય નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ઉપરોક્ત સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગ તરીકે રેલવે ફાટક નંબર ૮૩ (ચોબારી ગામ ફાટક)નો ઉપયોગ કરે તથા નિર્ધારિત માર્ગ અને ટ્રાફિકના નિયમોનું પાલન કરે. નાના વાહનો માટે સામાન્ય નાગરિકો "ઝાંઝેડા પુલ"નો ઉપયોગ કરી શકે છે.

રેલવે પ્રશાસને જાહેર જનતાને સહયોગ આપવા અપીલ કરતાં જણાવ્યું છે કે નિર્ધારિત સમયગાળા દરમિયાન વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરીને અસુવિધાથી બચવું તથા સમારકામની કામગીરી સુરક્ષિત અને સુચારુ રીતે પૂર્ણ કરવામાં સહયોગ આપવો.

DRIએ ૧૯.૪૧ કરોડની કિંમતનું વિદેશી સોનું ઝડપ્યું

આંતરરાષ્ટ્રીય ગોલ્ડ સ્મગલિંગ સિન્ડિકેટનો પર્દાફાશ થયો

વિદેશથી લાવવામાં આવતું સોનું ગેરકાયદેસર રીતે રાજ્યમાં હવાઈ માર્ગે ઘુસાડવામાં આવતું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

DRIની ટીમે બાતમીના આધારે ગુજરાતમાં મોટી કાર્યવાહી હાથ ધરી છે.આ કાર્યવાહી દરમિયાન ગોલ્ડ સ્મગલિંગ કરતી સંગઠિત સિન્ડિકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.એજન્સી દ્વારા રાજ્યમાંથી રૂ.૧૯.૪૧ કરોડનું ૧૩ કિલો વિદેશી સોનું ઝડપી પાડવામાં આવ્યું છે.સોનાની ગેરકાયદે તસ્કરીનું આ નેટવર્ક અત્યંત સુનિયોજિત રીતે ચલાવવામાં આવી રહ્યું હતું.આ કાળો કારોબાર દુબઈ સ્થિત એક ફાયનાન્સરના સહયોગથી સક્રિય રીતે ચાલતો હતો.વિદેશથી લાવવામાં આવતું સોનું ગેરકાયદેસર રીતે રાજ્યમાં હવાઈ માર્ગે ઘુસાડવામાં આવતું હતું. સ્મગલરો દ્વારા અમદાવાદ એરપોર્ટ મારફતે સોનું અંદર લાવવામાં આવતું હોવાનો ખુલાસો થયો છે.આ ઉપરાંત સુરત એરપોર્ટ મારફતે પણ વિદેશી સોનું નિયમિત રીતે ઘુસાડવામાં આવતું હતું.સોનાની દાણચોરી માટે સિન્ડિકેટ દ્વારા અવનવી અને ચાલાકીભરી પદ્ધતિઓ અપનાવવામાં આવતી હતી.તસ્કરો દ્વારા ખાસ કરીને સોનાના વાયર બનાવીને તેની હેરાફેરી કરવામાં આવતી હતી.મુસાફરોની ટ્રોલી બેગમાં છૂપાવીને પણ સોનાની તસ્કરી કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું.ગોલ્ડ પેસ્ટના સ્વરૂપમાં પણ વિદેશી સોનું સરળતાથી અંદર લાવવામાં આવતું હોવાનું ખૂલ્યું છે.એરપોર્ટ પરથી બહાર કઢાયેલા સોનાને સલામત રાખવા માટે સ્થાનિક વ્યવસ્થા કરાઈ હતી.દાણચોરીનું આ સોનું ઓગાળવા અને પ્રોસેસ કરવા માટે સ્થાનિક માળખું ઊભું કરાયું હતું.વડોદરામાં ગેરકાયદે સોનું ઓગાળવાનું એક મોટું યુનિટ ઝડપી પાડવામાં સફળતા મળી છે.આ યુનિટમાં લાવવામાં આવેલા સોનાને ઓગાળીને ચોક્કસ આકારમાં ઢાળવામાં આવતું હતું. આ ગેરકાયદે સોનું સીધું અમદાવાદ મોકલવામાં આવતું હોવાનું બહાર આવ્યું હતું.અમદાવાદની એક જ્વેલરી શોપ મારફતે આ ગેરકાયદે સોનું વેચવામાં આવતું હોવાનો ખુલાસો થયો છે. સંબંધિત જ્વેલરી શોપ દ્વારા દાણચોરીના સોનાનું બજારમાં વ્યવસ્થિત રીતે વેચાણ કરવામાં આવતું હતું. આ સમગ્ર નેટવર્કને ઝડપી પાડવા માટે ડીઆરઆઈની ટીમે એક સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.એજન્સી દ્વારા સતત ૪૨ કલાક સુધી આ સંકલિત કાર્યવાહી ચલાવવામાં આવી હતી.આ ગુનામાં તપાસ એજન્સી દ્વારા કાયદાકીય સિકંજો અત્યંત મજબૂત કરવામાં આવ્યો છે.કાયદાકીય જોગવાઈ અનુસાર ડીઆરઆઇ દ્વારા કસ્ટમ્સ એક્ટ હેઠળ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરાઈ છે.આ કડક કાર્યવાહી હેઠળ ત્રણ મુખ્ય આરોપીઓની કસ્ટમ્સ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા આ ત્રણેય આરોપીઓ આ કૌભાંડમાં સક્રિય ભૂમિકા ધરાવતા હોવાનું સામે આવ્યું છે. હાલમાં તપાસ દરમિયાન કુલ ૧૩.૦૧૭ કિલો સોનાના વ્યવહારો સીધા તપાસના રડારમાં આવી ગયા છે.તમામ શંકાસ્પદ સોનાના નાણાકીય વ્યવહારોની હવે વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી રહી છે.દુબઈના ફાયનાન્સર સાથે જોડાયેલા તમામ નાણાકીય વ્યવહારોની પણ સઘન ચકાસણી કરવામાં આવી રહી છે. અમદાવાદની જ્વેલરી શોપના તમામ હિસાબી દસ્તાવેજોની અધિકારીઓ દ્વારા ઊંડાણપૂર્વક ચકાસણી ચાલી રહી છે.ધરપકડ કરાયેલા ત્રણેય આરોપીઓની કસ્ટમ્સના અધિકારીઓ દ્વારા હાલમાં સઘન પૂછપરછ ચાલુ રાખવામાં આવી.સોનાના વાયર, ટ્રોલી બેગ અને પેસ્ટ સ્વરૂપે થયેલી દાણચોરીના પુરાવા એકત્ર કરાયા છે. આ મોટા કૌભાંડમાં સંડોવાયેલા અન્ય શખ્સો સામે પણ કાયદેસરની તપાસ લંબાવવામાં આવી રહી છે.

મોના અગ્રવાલે રચ્યો ઈતિહાસ

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬માં ભારતને મળ્યો પહેલો ગોલ્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ભારતે પહેલો ગોલ્ડ મેડલ જીતી લીધો છે. મહિલાઓની ૧૦ મીટર એર રાઈફલ ઈવેન્ટમાં મોના અગ્રવાલે જબરદસ્ત વાપસી કરતા ગોલ્ડ મેડલ જીત્યો. મોનાએ ફાઈનલમાં ૨૫૦ નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીત્યો.

ભારતીય શૂટર મોના અગ્રવાલ અને અવની લેખરાએ પેરા એશિયન ગેમ્સમાં ભારતને પહેલા દિવસે સોમવારે ૨ મેડલ અપાવ્યા. ઈર વિમેન્સ ૧૦ મીટર રાઈફલ શૂટિંગની SH1 કેટેગરીમાં મોનાએ ગોલ્ડ અને અવનીએ સિલ્વર જીત્યો. SH1 કેટેગરીમાં શરીરના નીચેના અંગોમાં દિવ્યાંગતા ધરાવતા શૂટર્સ ભાગ લે છે. આ પહેલા મોના અગ્રવાલ ક્વોલિફિકેશન રાઉન્ડમાં પણ ટોપ પર રહી હતી. તેણે ક્વોલિફિકેશનમાં ૬૨૯.૧ નો સ્કોર કરીને એશિયન પેરા ગેમ્સ રેકોર્ડ બનાવી દીધો હતો. ત્યાં જ ક્વોલિફિકેશનમાં અવની લેખરા બીજા સ્થાને રહી હતી. ભારતીય શૂટર્સે ક્વોલિફિકેશનવાળું પ્રદર્શન ફાઈનલમાં પણ દોહરાવ્યું અને ગોલ્ડની સાથે સાથે સિલ્વર મેડલ પણ પોતાના નામે કર્યો.

મોના અગ્રવાલ માટે આ ગોલ્ડ મેડલ ઐતિહાસિક છે, કારણ કે સ્ટેજ ૨ સીરીઝ ૨ પછી તે પાંચમા સ્થાને ચાલી રહી હતી. ત્યાં જ અવની લેખરા શરૂઆતથી જ સરસ લયમાં ચાલી રહી હતી. પરંતુ છેલ્લા કેટલાક શૂટ્સમાં મોના અગ્રવાલે અવિશ્વસનીય પ્રદર્શન કરતા ૨૫૦ નો સ્કોર કરીને ગોલ્ડ મેડલ જીતી લીધો. મોના અને અવની, બંનેએ ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય કરી લીધું છે.

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૬ માં ભારતને પહેલો ગોલ્ડ મેડલ અપાવનારી મોના અગ્રવાલનો જન્મ રાજસ્થાનના સીકરમાં થયો હતો. તેમને માત્ર ૯ મહિનાની ઉંમરે પોલિયોએ પોતાની ચપેટમાં લઈ લીધા હતા. આણે તેમના બંને પગ પર અસર કરી હતી. પેરા શૂટિંગમાં આવ્યા પહેલા મોનાએ પેરા એથ્લેટિક્સ, પેરા પાવરલિફ્ટિંગ અને વિમેન્સ સિટિંગ વોલીબોલમાં પણ હાથ અજમાવ્યા હતા. મોના અગ્રવાલ ૨૦૨૪ પેરાલિમ્પિકસની બ્રોન્ઝ મેડલિસ્ટ રહી હતી અને આ જ વર્ષે પેરા શૂટિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને આવી છે. બીજી તરફ અવની લેખરા ૨૦૨૦ ટોક્યો અને ૨૦૨૪ પેરિસ પેરાલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલિસ્ટ રહી હતી. ઓલિમ્પિક ચેમ્પિયન અવનીને આ વખતે પોતાની જ દેશની શૂટરના હાથે હાર સહન કરવી પડી.

સાઉદી અરબમાં હુથીઓના હુમલા વધ્યા

સાઉદી ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોને ઘરની બહાર ન નીકળવા કહ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

છેલ્લા ઘણા સમયથી સાઉદી અરબમાં હુથી વિદ્રોહીઓના હુમલા વધી રહ્યા છે. ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓના હુમલાને લઈને રિયાદમાં ભારતીય દુતાવાસ તરફથી ભારતીય નાગરિકોને સુરક્ષિત સ્થાને રહેવા અપીલ કરી છે. ભારતીય દૂતાવાસ તરફથી સાઉદી અરબમાં રહેતા ભારતીય નાગરિકોને કહેવામાં આવ્યું છે કે વિદ્રોહીઓના હુમલા પછી સુરક્ષાને ધ્યાનમાં રાખીને જે ઈમર્જન્સી સુરક્ષા નિર્દેશો જાહેર કરવામાં આવ્યા છે તેનું પાલન કરવામાં આવે. જ્યાં સુધી જોખમ ઓછું ન થાય ત્યાં સુધી લોકો પોતાના ઘરમાં રહે અને જાહેર કે ખુલ્લી જગ્યાએ ઊભા રહેવાનું પણ ટાળે.

ભારતીય દૂતાવાસ તરફથી જે અપીલ જાહેર કરવામાં આવી છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે સાઉદી અરબમાં હુથી વિદ્રોહીઓના હુમલા વધી રહ્યા છે. આ સ્થિતિમાં ભારતીય નાગરિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરક્ષા નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. ભારતીય દુતાવાસ તરફથી લોકોને કહેવામાં આવ્યું છે કે લોકો ખુલ્લી જગ્યાઓએ જવાનું ટાળે અને ઘરની સુરક્ષિત જગ્યાએ રહે. સંકટ ઓછું ન થાય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળે. દૂતાવાસ તરફથી ખાસ એ વાત કહેવામાં આવી છે કે લોકો પોતાના ઘરની અગાસી, બાલકની, બારીઓથી પણ દૂર રહે. ઘરની અંદરના ભાગમાં સુરક્ષિત જગ્યા હોય તે જગ્યાએ રહેવું વિતાવહ છે. ભારતીય દુતાવાસ તરફથી જાહેર કરેલા નિર્દેશમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે લોકો ભીડથી દૂર રહે અને જે જગ્યાએ જોખમ વધારે છે તેવી જગ્યાએ જવાનું ટાળે. આ સિવાય એવો આગ્રહ પણ કરવામાં આવ્યો છે કે હુમલાને લઈને તસવીરો કે વિડીયો સોશિયલ મીડિયા પર શેર ન કરવામાં આવે. સાઉદી અરબમાં રહેતા ભારતીય નાગરિકો માટે ભારતીય દુતાવાસે જે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે તેમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે કાર ચલાવતી વખતે જો એલર્ટ મળે તો કારને પુલ કે ઊંચી ઈમારતથી દૂર સેફ જગ્યાએ ઊભી રાખી દેવી. આ એડવાઈઝરી સાથે લોકો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે જોખમની સ્થિતિ હોય ત્યારે લોકો હેલ્પલાઈન નંબર પર કોલ કરીને મદદ માગી શકે છે. ઉલ્લેખનીય છે કે ૧૦ ઓક્ટોબરથી હુથીઓના હુમલા વધી ગયા છે.. ૧૦ ઓક્ટોબરે સૌથી પહેલા રિયાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યાર પછી હુથીઓ દ્વારા સાઉદી અરબ ઉપર ડ્રોન અને મિસાઈલ હુમલા કરવામાં આવી રહ્યા છે જેના કારણે ભારતીયોની સુરક્ષાને લઈને પણ ચિંતા વધી છે. ભારતીયોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દૂતાવાસ તરફથી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. એડવાઈઝરીમાં લોકોને કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી નિર્દોષોનું પાલન કરવામાં આવે. ડ્રોન અને હવાઈ હુમલાથી બચવા માટે ઘરની અંદર રહે અને ખુલ્લી જગ્યા પર એકઠા ન થાય. આ સિવાય કોઈપણ ઘટના સંબંધિત ફોટો કે વિડિયો શૂટ કરીને તેને પબ્લિશ કરવાનું પણ ટાળવાનું કહેવામાં આવ્યું છે.

રિમાન્ડ પૂર્ણ થતાં તમામ આરોપીઓને પુનઃ કોર્ટમાં રજૂ કરાશે

સુરતના ૪ પોલીસકર્મીઓ સહિત ૫ આરોપીઓ એક દિવસના રિમાન્ડ મંજૂર

આરોપીઓ ચાલુ ફરજે દમણ ગયા હતા કે કેમ અને અગાઉ પણ દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા હતા કે નહીં તે અંગે નવસારી પોલીસે તપાસ હાથ ધરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચાવતી ઘટનામાં નવસારીમાંથી દારૂના જથ્થા સાથે સુરતના ચાર પોલીસકર્મીઓ ઝડપાઈ ગયા હતા. આ મામલે પોલીસે ચાર પોલીસ કર્મચારીઓ અને એક ખાનગી વ્યક્તિ મળી કુલ પાંચેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને પોલીસે તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે. તપાસ અધિકારીઓ એ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છે કે આરોપી પોલીસકર્મીઓ પોતાની ચાલુ ફરજ દરમિયાન કાયદો નેવે મૂકીને દમણ ગયા હતા કે કેમ.ઝડપાયેલા તમામ પાંચેય આરોપીઓના એક દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હોવાથી, રિમાન્ડની મુદત પૂર્ણ થતાં જ પોલીસ તેમને ફરીથી કોર્ટ સમક્ષ રજૂ કરશે. રિમાન્ડ દરમિયાન પૂછપરછ કરીને દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેનો શું ઉપયોગ થવાનો હતો તે અંગેના મહત્ત્વના પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે. ખાખી યુનિફોર્મને દાગ લગાડનારી આ ઘટનાને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા પણ સમગ્ર મામલે આકરી તપાસના આદેશો આપવામાં આવ્યા છે.પોલીસ તપાસનો મુખ્ય ગાળિયો એ વાત પર પણ કસાયો છે કે આરોપી પોલીસકર્મીઓ અગાઉ પણ દારૂની ગેરકાયદેસર હેરાફેરી કે બૂટલેગિંગના નેટવર્કમાં સંડોવાયેલા હતા કે નહીં. નવસારી પોલીસે આરોપીઓના મોબાઈલ કોલ ડિટેલ્સ અને લોકેશનના આધારે વધુ તપાસ હાથ ધરી છે. જો અગાઉની સંડોવણી સામે આવશે તો આરોપીઓ સામે વધુ કડક કાયદાકીય અને ખાતાકીય પગલાં ભરવામાં આવશે, જેનાથી પોલીસ બેડામાં ભ્રષ્ટ કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

વાલિયાની ૧૮૬.૪૮ કરોડની ગણેશ સુગર ફેક્ટરી હરાજીમાં મુકાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

દક્ષિણ ગુજરાતમાં સહકારી માળખાની કરોડરજ્જુ ગણાતા ખાંડ ઉદ્યોગ પર સંકટના વાદળો વધુ ઘેરા બન્યા છે. ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના વટારિયા ખાતે આવેલી સુપ્રસિદ્ધ 'શ્રી ગણેશ સુગર ફેક્ટરી' ની આર્થિક સ્થિતિ કથળતાં આખરે તેની સ્થાવર અને જંગમ મિલકતો વેચી નાખવાની નોબત આવી છે. ફેક્ટરીની અંદાજે રૂપિયા ૧૮૬.૪૮ કરોડની કિંમતની ૪૬.૦૩ હેક્ટર જમીન, પ્લાન્ટ તેમજ મશીનરીની આગામી ૧૮ નવેમ્બરે ઈ-હરાજી (e-Auction) યોજવા માટેની સત્તાવાર જાહેર નોટિસ પ્રસિદ્ધ થતાં જ સમગ્ર જિલ્લાના સહકારી અને રાજકીય ક્ષેત્રમાં મોટો ભૂકંપ આવ્યો છે. હજારો શેરડી પકવતા સભાસદ ખેડૂતોમાં પોતાની મૂડી અને રોજીરોટી છીનવાઈ જવાની દહેશત વ્યાપી ગઈ છે.

વટારિયા સ્થિત શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ. ની માલિકીની કુલ ૪૬.૦૩ હેક્ટર જેટલી વિશાળ જમીન, મુખ્ય ફેક્ટરી પરિસર, મશીનરી અને સમગ્ર પ્રોસેસિંગ પ્લાન્ટને હરાજીમાં મૂકવામાં આવ્યા છે. આ તમામ અસ્કયામતોની અપસેટ પ્રાઈઝ (અંદાજિત મૂલ્ય) રૂપિયા ૧૮૬.૪૮ કરોડ નક્કી કરવામાં આવી છે.લેણદારો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ધિરાણ વસૂલાત અર્થે આ ઈ-હરાજી આગામી ૧૮ નવેમ્બરના રોજ યોજવાનો નિર્ણય લેવાયો છે.

ફેક્ટરીના પૂર્વ ચેરમેન અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા સંદીપ માંગરોળાએ વર્તમાન વ્યવસ્થા સામે મોરચો માંડ્યો છે. ચૂંટણી ન કરાવવાનો આરોપઃ તેમણે દાવો કર્યો કે વર્ષ ૨૦૨૦માં મુદત પૂર્ણ થયા છતાં લોકશાહી ઢબે ચૂંટણી યોજવાને બદલે સરકારે પોતાના પક્ષના માનીતા આગેવાનોની કસ્ટોડિયન કમિટી નીમીને સત્તા સોંપી દીધી હતી. કસ્ટોડિયન કમિટીના અણઘડ અને ગેરવહીવટના કારણે સંસ્થાને દર વર્ષે ૨૦ થી ૨૫ કરોડનું તોતિંગ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

સતત નુકસાનીના પરિણામે ફેક્ટરી બેંકો અને સંસ્થાઓ પાસેથી લીધેલા ધિરાણના નિયમિત હપ્તા પણ ચૂકવી શકી નથી, જેના પરિણામે આજે હરાજીની શરમજનક સ્થિતિ પેદા થઈ છે. આ મામલે ખેડૂત આગેવાન રાજુ વસાવાએ પણ રોષ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, જો સરકાર સાચે જ આદિવાસી અને સ્થાનિક ખેડૂતોનું હિત ઈચ્છતી હોય તો તાત્કાલિક ધોરણે સુગર ફેક્ટરીની મુક્ત ચૂંટણી જાહેર કરવી જોઈએ.

આક્ષેપો સામે કસ્ટોડિયન કમિટીના ચેરમેન મહેન્દ્રસિંહ મહિડાએ ખુલાસો કર્યો છે.તેમણે વિપક્ષ અને પૂર્વ હોદ્દેદારોના તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવી ફગાવી દીધા હતા.ચેરમેને સ્પષ્ટતા કરી કે સંસ્થા પર માત્ર આશરે ૩૬ કરોડની બાકી રકમ છે. માત્ર આટલી રકમ માટે ૧૮૬ કરોડથી વધુની વિશાળ અસ્કયામતોની હરાજી થઈ શકે નહીં.તેમણે જણાવ્યું કે આ નોટિસ સામે સરકારમાં ઉચ્ચ સ્તરે રજૂઆતો કરી દેવામાં આવી છે અને જરૂરી કાનૂની પગલાં ભરવામાં આવી રહ્યા છે.ચેરમેને સભાસદ ખેડૂતોને કોઈપણ પ્રકારની અફવાઓથી ગભરાયા વગર ધીરજ રાખવા અપીલ કરી છે.

પોલીસને મળી મોટી સફળતા

ટાઈગર શ્રોફ કેસમાં ૩ આરોપીને કોટામાંથી ઝડપી લેવામાં આવ્યા

આરોપીઓ દિલ્હીના રસ્તે નેપાળ ભાગવાની ફિરાકમાં હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગ કેસમાં મુંબઈ પોલીસને મોટી સફળતા મળી છે. મુંબઈમાં ગુનાને અંજામ આપીને ટ્રેન દ્વારા ભાગી રહેલા ત્રણેય આરોપીઓને રાજસ્થાનના કોટામાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. કોટાની એસપી તેજસ્વિની ગૌતમના જણાવ્યા અનુસાર, મુંબઈ પોલીસ પાસેથી માહિતી મળતાની સાથે જ ડીએસપી અને સાયબર સેલની ટીમે માત્ર ૧૫ મિનિટમાં જ ટ્રેનને ઘેરી લીધી હતી અને સઘન તપાસ કરીને ત્રણેય આરોપીઓને દબોચી લીધા હતા. આ આરોપીઓ દિલ્હીના રસ્તે નેપાળ ભાગવાની ફિરાકમાં હતા. પોલીસે જે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે તેમાં રેહાન (સોનિપત), હૃતિક કુર્મી ઉર્ફે રોશન (બિહાર) અને એક સગીર (નાબાલિક) સામેલ છે. પોલીસ પૂછપરછમાં એ વાત સામે આવી છે કે આ સમગ્ર વારદાતનો મુખ્ય આરોપી રેહાન હતો, જેનો સંપર્ક અનિલ પંડિત સાથે થયો હતો. આ ત્રણેય આરોપીઓ ઘટનાને અંજામ આપીને તાત્કાલિક ફરાર થઈ ગયા હતા અને પૂણે-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાં સફર કરી રહ્યા હતા. હાલ તેમની પાસેથી કોઈ હથિયાર જપ્ત થયા નથી, પરંતુ પોલીસ હથિયારો ક્યાં છુપાવ્યા છે તે અંગે પૂછપરછ કરી રહી છે.

કોટા એસપીએ જણાવ્યું કે મુંબઈ પોલીસ તરફથી મળેલા ચોક્કસ ઈનપુટ્સના આધારે આ સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. ટૂંક સમયમાં જ આ તમામ આરોપીઓને મુંબઈ પોલીસના હવાલે કરવામાં આવશે, જેથી આગળની કડક કાનૂની કાર્યવાહી હાથ ધરી શકાય અને આ હુમલા પાછળના મોટા નેટવર્કનો ખુલાસો થઈ શકે. ગત ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ની સાંજે મુંબઈના જુહુ વિસ્તારમાં અભિનેતા ટાઈગર શ્રોફની કારને નિશાન બનાવીને ત્રણ બાઈક સવારોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સદનસીબે ટાઈગર શ્રોફ આ હુમલામાં સુરક્ષિત છે, પરંતુ તેના ડ્રાઈવર અને એક ઓટો રિક્ષા ચાલક ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના બાદ અનિલ પંડિત અને લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલા તત્વો દ્વારા સોશિયલ મીડિયા પર ધમકીઓ પણ આપવામાં આવી હતી, જેના પગલે બોલિવૂડ સેલેબ્સની સુરક્ષાને લઈને ચિંતા વધી ગઈ છે.

સુરતના પાલીગામમાં ગંદકી વચ્ચે ડેન્ગ્યુનો કહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના પાલીગામ વિસ્તારમાં ગંદકીની સમસ્યાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. વિસ્તારમાં રહેતા એક શ્રમિકનું ડેન્ગ્યુની બીમારી બાદ સારવાર દરમિયાન કમનસીબ અવસાન થયું હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં સ્વચ્છતા અને આરોગ્યલક્ષી વ્યવસ્થાઓ અંગે ચર્ચા શરૂ થઈ છે. શ્રમિકની બપોરના સમયે અચાનક તબિયત લથડતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં રાત્રિના સમયે તેમને ડેન્ગ્યુ થયો હોવાનું નિદાન થયું હતું. ત્યારબાદ તેમની તબિયત વધુ ગંભીર બનતાં વધુ સારવાર માટે સુરત લઈ જવામાં આવી રહ્યા હતા. જોકે, સવારે આશરે ૬:૦૦થી ૬:૩૦ વાગ્યાની વચ્ચે રસ્તામાં જ તેમનું મોત નીપજ્યું હતું.

દેશમાં વધી રહેલા ડાયાબિટીસના દર્દીઓ હવે બની રહ્યા છે નકલી અને મોંઘી દવાઓના ભોગ

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

ભારત ચીન પછીનો સૌથી વધુ ડાયાબિટીસના દર્દીઓ ધરાવતો દેશ છે. જે એક વિકરાળ અને ભયાનક આરોગ્ય સંકટનો સામનો કરી રહ્યો છે. આ આંકડા માત્ર ચોંકાવનારા નથી, પણ આપણા ભવિષ્ય સામે ઊભેલા લાલ બત્તી જેવા ગંભીર જોખમની ચેતવણી આપે છે.અનિયમિત જીવન શૈલી, બેઠાડું જીવન અને અસ્વસ્થ ખાનપાન ને કારણે ભારતીયોમાં મેદસ્વિતા એટલે કે સ્થૂળતા રોગચાળાની માફક વકરી રહી છે. વજન વધવું એ કેવળ સુંદરતા કે બાહ્ય દેખાવ નો પ્રશ્ન નથી રહ્યો, પણ હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી જીવલેણ બીમારીઓનું મૂળ કારણ બની ગયો છે.

જ્યારે સમાજમાં પાતળા દેખાવાની અને રાતોરાત વજન ઘટાડવાની ઘેલછા વધે છે, ત્યારે માનવીના સ્વાસ્થ્ય સાથે ખેલ ખેલવા નફાખોરો મેદાન માં આવે છે. અને આનો લાભ લઈને મેડીકલ માફિયાઓની સિન્ડીકેટ હવે જીવનરક્ષક દવાઓના નકલી ઉત્પાદન અને વેચાણ સુધી પહોંચી ગઈ છે.

આ નકલી દવાઓનો કાળો કારોબાર અત્યંત ઘાતક સ્વરૂપો માં ચાલી રહ્યો છે. સંપૂર્ણ નકલી પ્રોડક્ટ્સ. આ કિસ્સામાં પેકેજિંગ, લેબલિંગ, લોગો અને પેન-ઈન્જેક્ટર બિલકુલ અસલી નોવો નોર્ડિસ્ક કે એલી લિલી જેવું જ દેખાય છે. અંદર માત્ર સાદું ખારું પાણી (સેલાઈન વોટર), કલર્ડ લિક્વિડ અથવા તો સસ્તું ઈન્સ્યુલિન ભરેલું હોય છે.

કલ્પના કરો કે જે વ્યક્તિ ડાયાબિટીસની દર્દી નથી, તે વજન ઘટાડવાની લાલચમાં આવું ઈન્જેક્શન લે અને તેમાં ઈન્સ્યુલિન નીકળે, તો તેનું બ્લડ સુગર અચાનક અત્યંત નીચે જઈ શકે છે. આ સ્થિતિ દર્દીને કોમામાં ધકેલી શકે છે અથવા સ્થળ પર જ તેનું મૃત્યુ નીપજાવી શકે છે. વિદેશોમાં અને હવે ભારતના કેટલાક વિસ્તારોમાં આવા ગંભીર કિસ્સા નોંધાયા છે જ્યાં લોકો વજન ઉતારવાની ઘેલછામાં અજાણ્યા લોકો પાસેથી ઓઝેમ્પિકના નામે નકલી પ્રવાહી શરીરમાં ઈન્જેક્ટ કરીને સીધા આઈસીયુ માં પહોંચ્યા છે.

આમ જેનરિકના ઓઠા હેઠળ બજારમાં ફરતું કોઈપણ બિન-બ્રાન્ડેડ પ્રવાહી જીવન બચાવનારું નથી હોતું, એ કાળમુખું ઝેર પણ હોઈ શકે છે. જેનરિક દવાનો અર્થ સસ્તી દવા જરૂર થાય છે. પણ એનો અર્થ એ નથી કે બધી જ દવાઓ અસલી હોય. જો સામાન્ય જનતા સમયસર નહીં જાગે, તો મેદસ્વિતા અને ડાયાબિટીસ ઘટાડવાની આ ક્રાંતિ ભારતના લાખો પરિવારો માટે એક ક્યારેય ન પુરાય તેવી કાળી હોનારત બનીને ત્રાટકશે. માટે અસલી-નકલી ની પરખ કરવા માટે થઈ જાઓ સાવધાન!

શાળાએ ભણવા જવાની ઉંમરમાં ભૂલકાઓ મોબાઈલ જોવામાં મસ્ત શિક્ષણ પ્રત્યેનો લગાવ ધ્વસ્ત

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશની સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે બાળકો ને ઈન્ટરનેટ મેળવવાનો અધિકાર છે કારણ કે દેશના દૂર ના ગામડાઓમાં શિક્ષણ કાર્ય માટે ઈન્ટરનેટ સેવાઓ અનિવાર્ય છે. ચાલો આપણે માની લઈએ કે બાળકો ને ઈન્ટરનેટ મેળવવાનો અધિકાર છે.

પરંતુ આજના આધુનિક યુગ માં સ્માર્ટ મોબાઈલ ફોન હવે એવા નાના બાળકોના હાથમાં પણ પહોંચી ગયા છે જેમણે હજુ શાળાનું પગથિયું પણ ચડયું નથી. નાની ઉંમરે બાળકોમાં મોબાઈલ નો વધતો વપરાશ ચિંતાનો વિષય બની રહ્યો છે. એક તરફ બાળકોના હાથમાં પુસ્તકો હોવા જોઈએ ત્યાં બીજી તરફ મોબાઈલ ફોનમાં મનોરંજન માણતા બાળકો જોવા મળી રહ્યા છે.

બજાર માં રસ્તા પર બેસી મોબાઈલ ફોન ચાલુ કરી મનોરંજન માણતા નાના ભૂલકાઓના દ્રશ્યો જોવા મળી રહયા છે.

નાની ઉંમરે જ મોબાઈલ પ્રત્યે વધતું આકર્ષણ બાળકોના અભ્યાસ, રચનાત્મક અને શારીરિક પ્રવૃત્તિઓ પર કેવી અસર કરશે તે અંગે સવાલો ઉભા થઈ રહયા છે.

બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે વાલીઓએ પણ સજાગ બનવાની જરૂર છે. બાળકોને મોબાઈલ આપવાને બદલે પુસ્તકો વાંચવા, મેદાન માં રમવા અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરફ પ્રોત્સાહિત કરવામાં આવે તો તેમના સર્વાંગી વિકાસ માં મદદ મળી શકે છે.

આજકાલ તો રસ્તાની બાજુએ કે બિલ્ડીંગ ના બાંધકામ માં મજુરી કરતા દંપતિઓ પણ પોતાના રડતા બાળકના હાથમાં મોબાઈલ આપીને રડતો બંધ કરે છે. અરે ! ઘર માં ઘોડીયા માં રડતા બાળકના હાથમાં સારા ઘરની ગૃહિણી ઓ પણ મોબાઈલ પકડાવી રડતા બાળક ને બંધ કરીને કામ કરતી થઈ ગઈ છે. આમ જયાં મોબાઈલ ઘોડીયા માંથી જ બાળકના હાથ માં પકડાવી દેતા બાળક ને મોબાઈલ નું વળગણ લાગવાનું જ છે.

ભાજપના કાર્યકરોમાં વિરોધના સૂર

"વિપક્ષમાંથી આવતા નેતાઓને ગોળ, મૂળ ભાજપના કાર્યકરોને ખોળ

અસારવા વિધાનસભાના કાર્યકરોએ એક વોટ્સએપ ગ્રુપમાં પોસ્ટ મૂકીને કાર્યકરે પોતાનો બળાપો ઠાલવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આગામી વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે અસારવા વિધાનસભા વિસ્તારમાં ભાજપના પક્ષીય કાર્યકરોમાં ભારે નારાજગી અને અસંતોષની લાગણી જન્મી છે. આ વિરોધ અને અસંતોષને કારણે સ્થાનિક કાર્યકરો વચ્ચે ચર્ચાનો દોર શરૂ થયો છે. અસારવા વિધાનસભાના કાર્યકરોએ સોશિયલ મીડિયાનો સહારો લઈને અસારવા વિધાનસભાના એક વોટ્સએપ ગ્રુપમાં પોસ્ટ મૂકીને કાર્યકરે પોતાનો બળાપો ઠાલવ્યો છે. આ વોટ્સએપ ગ્રુપમાં શેર કરવામાં આવેલી આ પોસ્ટમાં વિપક્ષમાંથી ભાજપમાં જોડાતા કાર્યકરોને આપવામાં આવતા સન્માન અંગે ઊંડું દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું છે. આ સાથે જ ભાજપના પોતાના કાર્યકરોના સન્માન અંગે પણ ગ્રુપમાં ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. જેમાં કાર્યકરોએ પક્ષની વર્તમાન નીતિ પર આક્ષેપ કરતા લખ્યું છે કે, પક્ષમાં અત્યારે વિપક્ષમાંથી આવતા નેતાઓને ગોળ અને મૂળ ભાજપના કાર્યકરોને ખોળ આપવાની નીતિ અપનાવવામાં આવી રહી છે. વિપક્ષમાંથી આવતા નેતાઓને પદ અને સન્માન આપવામાં આવે છે, જ્યારે ભાજપના પાયાના કાર્યકરોની પક્ષમાં અવગણના થઈ રહી છે.

એટલું જ નહીં, કાર્યકરો દ્વારા કરવામાં આવેલી આ ભાવુક પોસ્ટમાં ભૂતકાળમાં પક્ષ માટે આપેલા સંઘર્ષને યાદ કરીને લખ્યું કે, પક્ષના કાર્યક્રમો માટે ઝંડા ઉપાડનાર, વિરોધ પ્રદર્શનોમાં દંડા ખાનાર અને રાત-દિવસ એક કરીને દીવાલો પર કમળનું ચિહ્ન કંડારનાર નિષ્ઠાવાન કાર્યકરોને ભાજપ ક્યારે યાદ કરશે, પક્ષ માટે હાડમારીઓ વેઠનારા આ પાયાના કાર્યકરોને પક્ષ હવે ભૂલી રહ્યો હોવાનો આક્રોશ વ્યક્ત કરાયો છે. તેમજ અસારવા વિધાનસભાના કાર્યકરોના આ સંદેશામાં પક્ષની વર્તમાન કાર્યપદ્ધતિ સામે સીધો પ્રહાર કરવામાં આવ્યો છે. પોસ્ટમાં સ્પષ્ટ જણાવાયું છે કે ભાજપમાં હવે કોઈ ચોક્કસ વિચારધારા કે પક્ષ પ્રત્યેની વફાદારીનું મહત્વ રહ્યું નથી. તેના બદલે કોંગ્રેસમાંથી આવે અને ચૂંટણી જીતે તેવા નેતાઓને જ ભાજપમાં સર્વોચ્ચ મહત્વ આપવામાં આવે છે. આમ, કોંગ્રેસના જીતનારા નેતાઓને જ પ્રાધાન્ય અપાતા પક્ષના મૂળ કાર્યકરોમાં ભારે અસંતોષ વ્યક્ત કરીને અસારવા વિધાનસભાના ગ્રુપમાં કાર્યકરો બળાપો ઠાલવતી પોસ્ટ ચર્ચાનું કેન્દ્ર બની છે.

કર્ણાવતી ક્લબ નજીક

ગરબા રમવા જતી બે બહેનોને ટ્રકચાલકે ટક્કર મારતા એકનું મોત

શહેરમાં બે અકસ્માતમાં બે વ્યક્તિના મોત નિપજ્યા છે અને બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ચાંદલોડિયામાં રહેતા ૨૭ વર્ષીય પાયલબેન કુરડિયા પરિવાર સાથે રહે છે અને પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરે છે. ગત તા.૧૬મીએ રાત્રે પોતાના મિત્રો અને પિતરાઈ બહેનો સાથે કર્ણાવતી ક્લબમાં ગરબે રમવા જવાનું નક્કી કર્યું હતું. જે બાદ આઠેય લોકો અલગ અલગ ટુ વ્હીલર પર કર્ણાવતી ક્લબ જવા નીકળ્યા હતા.

પાયલબેનની ૨૫ વર્ષીય નાની બહેન આરતી પોતાના એક્ટિવા પર પિતરાઈ બહેન ૨૩ વર્ષીય કોમલને પાછળ બેસાડીને કર્ણાવતી ક્લબ જવા નીકળી હતી. પાયલબેન સહિતના લોકો કર્ણાવતી ક્લબ પહોંચી ગયા હતા. ત્યારે આરતી તથા કોમલની રાહ જોઈને તમામ લોકો ઊભા હતા. દરમિયાનમાં કર્ણાવતી ચાર રસ્તા ઈસ્કોન ગાંઠિયા પાસે લોકોનું ટોળું ભેગું થતાં તેઓ દોડીને સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં તેમની બહેનો આરતી અને કોમલ રસ્તા પર લોહીલુહાણ અને બેભાન હાલતમાં પડેલી જોવા મળી હતી. લોકોના કહ્યા મુજબ પૂરઝડપે આવેલી ટ્રકના ચાલકે એક્ટિવાને જોરદાર ટક્કર મારતા બે બહેનો રોડ પર પટકાઈ હતી. જેમાં કોમલનું સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે આરતીને શરીરના વિવિધ ભાગોએ ઈજાઓ થવાથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડી હતી. આ મામલે એસજી-૨ ટ્રાફિક પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. અમરાઈવાડીમાં રહેતા ૭૨ વર્ષીય હીરાબેન ડાહ્યાભાઈ પરમારને આઠમ નિમિત્તે પોતાના વતન સુરેન્દ્રનગરના ચુડા ગામે જવાનું હતું. જેથી રવિવારે પરોઢિયે તેમનો ૫૦ વર્ષીય પુત્ર રમેશભાઈ પરમાર એક્ટિવા પર હીરાબેનને બેસાડી વિરાટનગર બસ સ્ટેન્ડ સુધી મૂકવા ગયો હતો.

મા-દીકરો બસની રાહ જોઈને ઊભા હતા. ત્યારે વિરાટનગર તરફથી પૂરઝડપે આવેલી કારના ચાલકે માતા પુત્રને અડફેટે લીધા હતા. જેમાં રમેશભાઈનું મોત થયું હતું. શાહીબાગની અલકનંદા મંદાકીની સોસાયટીના ગેટ નજીક શનિવારે બપોરે પૂરઝડપે કાર ચાલકે ત્રણ રિક્ષાને અડફેટે લેતા બે વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે કાર ઈલેક્ટ્રિક પોલ સાથે અથડાઈ હતી. પોલીસે લવકુમાર પરમાર સામે કાર્યવાહી હાથ ધરી છે.

ઠગાઈ કરનાર બે ગઠીયાઓ વિરુદ્ધ ફરિયાદ

ખંભાતના સોખડા ગામે ફાર્મા કંપની ધરાવતા દંપતી સાથે રૂ.૧.૫૭ કરોડની છેતરપિંડી

દિલ્હીમાં કંપની હોવાનો ભરોસો આપીને ફેરસઅસ્બકોર્બેટ આઈપીડીસી દવાનું રો-મટીરીયલ ઉધારમાં ખરીદી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના સોખડા ગામે ફાર્મા કંપની ધરાવતા અમદાવાદ રહેતા દંપતી સાથે દિલ્હીના બે ગઠીયાઓએ દિલ્હીમાં દવા કંપની ધરાવતા હોવાનું જણાવીને ઉધારમાં રો-મટીરીયલ ખરીદ્યું હતું. જેમાં શરૂઆતમાં થોડું પેમેન્ટ કરી બાકી રૂ.૧,૫૭,૩૮,૧૦૦ નહીં ચૂકવી આપ્યા ન હતા. જે બાબતે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ ખંભાત રૂરલ પોલીસમથકમાં નોંધાઈ છે.અમદાવાદ ખાતે કર્ણાવતી બંગ્લોઝમાં રહેતા શીતલબેન ચેતનકુમાર ભોજાણી તેમના પતિ ચેતનકુમાર સાથેની ભાગીદારીમાં એક ફાર્મા કંપની શરૂ કરી હતી. જે કંપની આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના સોખડા ગામે એમ્બીશન ફાર્મા નામે આવેલી છે. ગત તારીખ ૩૦-૮-૨૦૨૫ના રોજ એમ્બીશન ફાર્મા કંપનીમાં માર્કેટીંગનું કામ કરતા અમદાવાદના ભાવિનભાઈ વીપીનચંદ્ર સગરના મોબાઈલ ઉપર કોઈ અશ્વિનકુમાર નામના વ્યક્તિએ ફોન કરીને દિલ્હીથી કીર્તિ ફાર્મા કંપનીમાંથી બોલતા હોવાની ઓળખાણ આપી હતી. જેમાં કંપનીને લગતી દવાઓની માહિતી માંગતા ચેતનકુમારે કંપનીના ઈમેલ મારફતે દિલ્હીના અશ્વિનકુમારની કંપનીને પ્રોડક્ટને લગતી દવાઓની માહિતી મોકલી આપી હતી. ત્યાર બાદ અવારનવાર બંને વચ્ચે ઈમેલ વ્યવહાર શરૂ થયો હતો અને અશ્વિનકુમારે તેઓના કીર્તિ ફાર્મા પેઢીનું એડ્રેસ, જીએસટી નંબર,ડ્રગ લાયસન્સ નંબર આપીને પોતાની નામાંકિત પેઢી હોવાનો વિશ્વાસ અપાવ્યો હતો. આ પછી કીર્તિ ફાર્મા તરફથી શીતલબેનની કંપનીને ગત તારીખ ૨૨-૯-૨૫ના રોજ ફેરસ અસ્બકોર્બેટ આઈપીડીસીનો ૩૦૦ કિલો માલ જેની કિંમત રૂ.૧,૬૬,૩,૮૦૦નો ઓર્ડર આપતાં શીતલબેનની કંપની દ્વારા અશ્વિનકુમારની ફાર્મા કંપની જરૂરિયાત મુજબ માલ સપ્લાય કરવામાં આવ્યો હતો. જેના અશ્વિનકુમારની કીર્તિ ફાર્મા દ્વારા રૂ. ૯ લાખ ચૂકવ્યા હતા.ત્યારબાદ શીતલબેનની કંપની દ્વારા અશ્વિનકુમારની ફાર્મા કંપનીને તારીખ ૨૬-૯૨૦૨૫થી ૧૫-૯-૨૦૨૬ સુધીમા રૂ . ૨,૩૯,૬૮,૭૫૦નો માલ પણ મોકલવામાં આવ્યો હતો. જેની સામે અશ્વિનકુમારની કંપની તરફથી રૂ ૮૨,૩૦,૬૫૦ની રકમ ચૂકવવામાં આવી હતી. બાકીની મોટી રકમ ચૂકવવાની બાકી રહી હતી. ત્યારબાદ તારીખ ૩૦-૫૨૦૨૬ ના રોજ છેલ્લે રૂ.૧૬.૫૨ લાખનો માલ મોકલ્યો હતો અને કીર્તિ ફાર્મા તરફથી રૂ. ૫ લાખ આઈએમપીએસથી તારીખ ૧૬-૬-૨૦૨૬ ના રોજ મોકલ્યા હતા. ત્યારબાદ આજ દિન સુધી કોઈ જ પેમેન્ટ ચૂકવ્યુ ન હતું. ચેતનકુમારે અશ્વિનકુમારની કીર્તિ ફાર્મા કંપનીની બાકી રહેતી રકમ માટે અનેકવાર જાણ કરવા છતાં આ રકમ ચૂકવી આપી ન હતી અને વાયદા કરતા હતા.જેથી શીતલબેનના પતિ તેમજ કંપનીમાં કામ કરતા વડોદરાના કલ્પેશભાઈ ઈન્દ્રવદન ખત્રી, અમદાવાદના ભાવિનભાઈ વીપીનચંદ્ર સગર રૂબરૂ કીર્તિ ફાર્માના બાઝ મોલ રોહિણી દિલ્હી ખાતે ગયા હતા પરંતુ ત્યાં અશ્વિનકુમારની કીર્તિ ફાર્મા કંપનીની ઓફિસ બંધ હતી. જેથી આજુબાજુમાંથી જાણવા મળેલ કે અશ્વિનકુમાર એ જ કેદારનાથ ગુપ્તા જે કીર્તિ ફાર્માનો માલિક છે. જેનો નંબર મેળવી ચેતનકુમારે ફોન કરતા ફોન ઉપાડ્યા ન હતા.

AI અને સોશિયલ મીડિયાથી ઠગાઈ આચરનારા રાજસ્થાનના બે યુવકો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સાયબર સેલે નવરાત્રિ પર્વ દરમિયાન ગરબા રસિકો સાથે આચરવામાં આવેલા ૮ લાખ રૂપિયાના કથિત નકલી પાસ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), ઈન્સ્ટાગ્રામ જાહેરાતો અને વોટ્સએપના માધ્યમથી નકલી પાસ બનાવી લોકોને છેતરનારા રાજસ્થાનના બે યુવકોની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી મેળવેલા ડિજિટલ પુરાવાના આધારે તપાસ તેજ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી માહિતી અનુસાર, આરોપીઓએ 'veer.rajjputt' નામે ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ અને 'anantexperience@gmail.com' નામનું બનાવટી ઈમેલ આઈડી બનાવ્યું હતું. અમદાવાદમાં આયોજિત જાણીતા 'અનંત બ્રહ્માંડ' (Anant Brahmand) ગરબા મહોત્સવના નામ અને લોગોનો આયોજકોની જાણ બહાર ગેરકાયદે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આરોપીઓએ બુકિંગ અને પ્રમોશનલ મેસેજ તૈયાર કરવા તથા અસલ ટિકિટ જેવા જ દેખાતા ક્યૂઆર કોડ (QR Code) અને બારકોડ ધરાવતા પાસ ડિઝાઈન કરવા માટે 'ચેટજીપીટી'નો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ મેટા પ્લેટફોર્મ પર પેઈડ ટાર્ગેટેડ જાહેરાતો ચલાવીને ગરબા શોખીનોને ભારે ડિસ્કાઉન્ટની લાલચ આપી હતી. તેની એક જાહેરાત અમદાવાદના આશરે ૪૦ હજાર લોકો સુધી પહોંચી હતી.

સાયબર સેલે ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ડિજિટલ વિશ્લેષણના આધારે તપાસ લંબાવીને રાજસ્થાનના સીકર ખાતેથી બંને આરોપીઓને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ ૨૧ વર્ષીય વીરેન્દ્રસિંહ રાઠોડ (BBA સ્નાતક, સિલ્વર ઓક યુનિવર્સિટી, અમદાવાદ) અને ૨૨ વર્ષીય કિશન સિંહ રાઠોડ (BSc સ્નાતક, રાજસ્થાન) તરીકે થઈ છે. બંને હાલ બેરોજગાર છે.

તપાસમાં બહાર આવ્યું છે કે, ૧૯મી ઑગસ્ટથી ૧૪ ઑક્ટોબર વચ્ચે આચરવામાં આવેલા આ કૌભાંડમાં આશરે ૬૮૬ જેટલા નકલી પાસ વેચીને ૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. આ પૈસા બેંક એકાઉન્ટમાં મેળવાયા બાદ અન્ય શંકાસ્પદ (મ્યુલ) એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સાંતેજ પોલીસ મથકે ત્રીજી ઑક્ટોબરે કેસ નોંધાયા છતાં આરોપીઓ જોધપુર, બિકાનેર અને સીકર જેવા શહેરોમાં લોકેશન બદલીને નકલી પાસનું વેચાણ ચાલુ રાખતા હતા.

આ મામલે પોલીસે બંને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે. આ ઉપરાંત સાયબર સેલે નાગરિકોને અપીલ કરી છે કે સત્તાવાર વેબ સાઈટ સિવાય અજાણ્યા સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી બજાર કિંમત કરતાં ખૂબ સસ્તા દરે મળતા પાસ ખરીદવાનું ટાળવું.

જો કોઈ સાથે આવી છેતરપિંડી થઈ હોય તો તેમણે તાત્કાલિક નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવા અથવા cybercrime.gov.in પર ફરિયાદ નોંધાવવા જણાવાયું છે.

ગત વર્ષની સરખામણીએ ૨૦થી ૨૫ ટકાનો ભાવ વધારો

દશેરાના તહેવારમાં ફાફડા - જલેબીની લિજ્જત મોંઘી પડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

શહેરમાં આ વર્ષે દશેરાના તહેવાર પર ફાફડા અને જલેબીનો સ્વાદ માણવો અમદાવાદીઓ માટે વધુ મોંઘો થઈ જશે. દશેરાના પવિત્ર દિવસે ફાફડા-જલેબી આરોગવાની પરંપરા વચ્ચે આ વખતે લિજ્જત મોંઘી પડવાની છે, કારણ કે ફાફડા અને જલેબીના ભાવમાં પ્રતિ કિલોએ રૂ. ૧૨૦ નો મોટો વધારો નોંધાયો છે. મહત્વનું છે કે, તહેવારના ટાણે જ ફાફડા-જલેબીમાં ગત વર્ષની સરખામણીએ ૨૦થી ૨૫ ટકા સુધીનો ભાવ વધારો ઝીંકાયો છે.

આ ભાવ વધારાને કારણે આ વખતે દશેરા પર અમદાવાદીઓના ખિસ્સા પર ભારે આર્થિક ભાર પડવાની છે. જે અંતર્ગત આ વર્ષે ભાવમાં થયેલા ફેરફારના મુખ્ય આંકડાઓ જોઈએ તો ગત વર્ષે સરેરાશ રૂ. ૬૮૦ પ્રતિ કિલો ના ભાવે મળતા ફાફડા આ વર્ષે વધીને રૂ. ૮૦૦ પ્રતિ કિલો થયા છે. જ્યારે ગત વર્ષે જલેબીનો સરેરાશ ભાવ રૂ. ૮૦૦ પ્રતિ કિલો હતો, જે આ વર્ષે વધીને રૂ. ૮૮૦ પ્રતિ કિલો એ પહોંચ્યો છે.

મહત્વનું છે કે, ફાફડા અને જલેબી મોંઘા થવા પાછળ ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો મુખ્ય જવાબદાર છે. ખાસ કરીને તેલ, લોટ અને મજૂરીના ખર્ચમાં વધારો થતાં ઉત્પાદકો માટે જૂના ભાવે વેચાણ કરવું અશક્ય બન્યું છે. આ ઉપરાંત ગેસ અને મજૂરીના દરોમાં વધારો થવાના કારણે ફાફડા-જલેબીના ભાવ ઊંચા ગયા છે, જેની સીધી અસર ગ્રાહકોની ખરીદી પર જોવા મળશે.

આમ તો દશેરાના તહેવાર દરમિયાન સરેરાશ પ્રથેક દુકાનદાર પરથી ૪૦૦ જેટલા ગ્રાહકો ફાફડા અને જલેબીની ખરીદી કરતા હોય છે. તહેવારની ઉજવણી માટે લોકો ખરીદી તો કરશે, પરંતુ કાચા માલ અને બનાવટના ખર્ચમાં થયેલા ભાવ વધારાના કારણે આ દશેરાએ ફાફડા-જલેબીની લિજ્જત મોંઘી બની છે. જોકે, મોંઘવારી ભલે ગમે તેટલી વધે, પરંતુ સુરતીઓનો તહેવાર પ્રત્યેનો ઉત્સાહ ક્યારેય ઓછો થતો નથી. સુરતના લોકો પોતાના ખાણીપીણીના શોખ માટે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ જાણીતા છે. ભાવવધારો હોવા છતાં, દશેરાના પાવન દિવસે ફાફડા-જલેબીની દુકાનો બહાર લાંબી લાઈનો તો જોવા મળશે જ. લોકો પૂર્વ તૈયારીઓ કરીને પણ વહેલી સવારથી મીઠાઈ લેવા પહોંચી જશે. પરિવારો ભેગા મળીને આ તહેવારની ભવ્ય ઉજવણી કરશે અને પરંપરાગત વાનગીઓની મજા માણશે. આર્થિક બોજ વધ્યો હોવા છતાં, વર્ષમાં એકવાર આવતા આ તહેવારને લોકો પૂરા હર્ષોલ્લાસથી મનાવશે.

મોરબી બોગસ બિલ કૌભાંડ મામલે મંત્રી કાંતિ અમૃતિયાએ આપ્યા તપાસના આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી

મોરબી મહાનગરપાલિકામાં બોગસ બિલિંગ કૌભાંડનો મામલો સામે આવ્યા બાદ હવે રાજ્યના મંત્રી કાંતિ અમૃતિયાએ આ અંગે નિવેદન આપ્યું છે. મંત્રીએ જણાવ્યું હતું કે સંકલન બેઠકમાં આ કૌભાંડની તપાસ કરવા સૂચના આપવામાં આવી છે અને સમગ્ર મામલે તપાસ કમિટી પણ બનાવવામાં આવી છે.

બોગસ બિલિંગ સંબંધિત ૩૦ પાનાનું સાહિત્ય હોવાનો ઉલ્લેખ કરીને તેમણે તેની સઘન તપાસ કરવા સૂચનાઓ આપી હોવાનું જણાવ્યું હતું. આ મામલે જવાબદારોને માત્ર સસ્પેન્ડ કરવાને બદલે તેમની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઊઠી રહી છે. મંત્રી કાંતિ અમૃતિયાએ પણ જવાબદારો સામે કોઈપણ પ્રકારની બાંધછોડ વગર કાર્યવાહી કરવામાં આવશે તેવું નિવેદન આપ્યું છે. આ કૌભાંડમાં સદામ ટાયર વર્ક્સનાં બિલોમાં ચેડાં કરવામાં આવ્યાં હોવાના ફોટોગ્રાફ્સ પણ સામે આવ્યા હતા. આ બિલોમાં બિલ નંબર એકસરખા હોવા છતાં તારીખ અને રકમ અલગ-અલગ હોવાનું જોવા મળ્યું હોવાનો આક્ષેપ છે. આ રીતે ડુપ્લીકેટ બિલ તૈયાર કરીને મહાનગરપાલિકામાં રજૂ કરવામાં આવ્યાં હોવાની વિગતો સામે આવી છે. આક્ષેપ મુજબ, બિલમાં આંકડાઓ સાથે ચેડાં કરીને સરકારી નાણાં પાસ કરાવવાની પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

બોગસ બિલિંગના કથિત ખેલમાં આંકડાઓ સાથે ચેડાં કરીને બિલની રકમ વધારવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો થયા છે. એક કિસ્સામાં રૂ.૫૦૦ના બિલની આગળ એકડો ઉમેરીને તેને રૂ.૧,૫૦૦નું બનાવી દેવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. જ્યારે અન્ય એક બિલમાં રૂ.૭૦૦ની આગળ આંકડા ઉમેરીને તેને સીધું રૂ.૧૦,૭૦૦નું બનાવી મહાનગરપાલિકામાં રજૂ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. આ રીતે બિલ રજૂ કરીને નાણાં પાસ કરાવી લેવામાં આવ્યાં હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલામાં અન્ય એક ચોંકાવનારી બાબત એ છે કે બંધ થઈ ગયેલી પેઢીનાં નામે પણ ડુપ્લીકેટ બિલ બનાવવામાં આવ્યાં હોવાની વિગતો સામે આવી છે. જો આ આક્ષેપો તપાસમાં સાચા સાબિત થાય તો મહાનગરપાલિકાના બિલિંગ અને ચુકવણીની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઊભા થઈ શકે છે.

હાલ મંત્રી કાંતિ અમૃતિયાએ તપાસ માટે સૂચનાઓ આપી હોવાનું જણાવ્યું છે. હવે તપાસ કમિટી દ્વારા કથિત બોગસ બિલિંગ, બિલમાં કરવામાં આવેલા ફેરફારો, નાણાંની ચુકવણી અને તેમાં સંડોવાયેલા જવાબદારો અંગે તપાસ કરવામાં આવશે. તપાસના અંતે સમગ્ર કૌભાંડની હકીકત અને જવાબદારોની ભૂમિકા સ્પષ્ટ થશે.

નર્મદાના નીરના ભરોસે ના રહેતા!

સરકારના મંત્રીએ જ જળસંકટ હોવાનું સ્વીકાર્યું, ખેડૂતોને ચેતવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્ય સરકારના જવાબદાર મંત્રી જ જાહેરમાં આવીને કહી દે કે 'પાણી આપી શકાય તેમ નથી', ત્યારે પરિસ્થિતિ કેટલી ગંભીર હશે તેનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે. બનાસકાંઠા અને વાવ-થરાદ પંથકમાં આગામી ઉનાળામાં સર્જાનારા ભયાનક પાણી સંકટ પર ખુદ મંત્રી સ્વરૂપજી ઠાકોરે મહોર મારી દીધી છે અને ખેડૂતોને અત્યારથી જ સાવધ કરી દીધા છે.મંત્રી સ્વરૂપજી ઠાકોરે ખેડૂતોને સલાહ આપી કે, એવા જ પાક વાવજો જે ઓછા પાણીમાં થઈ શકેસામાન્ય રીતે ચૂંટણીઓ કે

સામાન્ય રીતે ચૂંટણીઓ કે જાહેરસભાઓમાં પાણીના મોટા-મોટા વાયદાઓ થતા હોય છે, પરંતુ આ વખતે વાસ્તવિકતા કડવી છે

જાહેરસભાઓમાં પાણીના મોટા-મોટા વાયદાઓ થતા હોય છે, પરંતુ આ વખતે વાસ્તવિકતા કડવી છે. એક સમારોહમાં મંત્રી સ્વરૂપજી ઠાકોરે સ્વીકાર્યું કે, ચાલુ વર્ષે ઓછા વરસાદના કારણે નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શકાય તેમ નથી.સરકાર સક્ષમ નથી તેવી સ્થિતિ સર્જાઈ છે, તેથી ખેડૂતોએ પોતાની વ્યૂહનીતિ જાતે જ બદલવી પડશે. હવે વાવ-થરાદના જગતના તાત ચિંતામાં મુકાયા છે. ખેડૂતો હવે વધુ પાણી પીતા પાકો ઉગાડવાનું જોખમ લઈ શકશે. નહીં. મંત્રી એ ખેડૂતોને ચેતવ્યા કે, આ વર્ષે માત્ર એવા જ પાક વાવજો જે ઓછા પાણીમાં ઊતરી શકે, નહિતર પાક સુકાઈ જશે.જો ખેડૂતો સરકારના ભરોસે રહીને વધુ પાણીવાળા પાકોનું વાવેતર કરશે, તો ઉનાળામાં સિંચાઈ વગર મોઢે આવેલો કોળિયોછીનવાઈ જશે તે નક્કી છે.